Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ
માહિતી પ્રતિબિંબિત કરતું સફળ
ગુજરાતી સાપ્તાહિક

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
# THE ECONOMIC REVOLUTION

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૩૮ ● તા. ૧૪.૦૯.૨૦૧૦ થી ૨૦.૦૯.૨૦૧૦ ● ભાદરવા સુદ ૦૭ થી ભાદરવા સુદ ૧૨ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## ઊંચા ઔદ્યોગિક વિકાસ દરને જોઈને ભારતીય બજારોમાં ખેંચાતા વિદેશી રોકાણકારો

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય શેરબજારો વિદેશી મોરચેથી મિશ્ર સંકેતો વચ્ચે નવી વાર્ષિક ઊંચાઈ સ્પર્શી ને બંધ રહ્યા હતા. બીએસઈનો સેન્સેક્સ આંક ૩.૧૭ ટકા, ૫૭૮.૨૩ પોઈન્ટ વધીને

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

૧૮૭૯૯.૬૬ ઉપર બંધ રહ્યો હતો. જ્યારે એનએસઈનો નિફ્ટી આંક ૨.૯૩ ટકા ૧૬૦.૬૫ પોઈન્ટ વધીને ૫૬૪૦.૦૫ પર બંધ રહ્યો હતો. સિમેન્ટ કંપનીઓના શેરોમાં સમાચારને પગલે ખરીદી આવી હતી. અને મોટાભાગના સિમેન્ટ શેરોમાં ૫-૧૦ ટકા વચ્ચે ઉછાળો આવ્યો હતો. જેમાં એસીસી ૯ ટકા, અંબુજા સિમેન્ટ ૮.૫ ટકા, અને જયપ્રકાશ એસોસીએટમાં ૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જો કે વિતેલા અગાઉના બે સપ્તાહ દરમ્યાન આ શેરોમાં ઘટાડા બાદ ચાલુ ઉછાળો ટેકનીકલી અપેક્ષિત હતો અને હજી તેમાં મહિનાના ઊંચા ભાવથી ઘણા દૂર છે. માટે ઉછાળામાં શોર્ટ ટર્મ કામ કરનારને એક્ઝીટ કરવાનું વલણ જ રાખવું.

અન્ય મુખ્ય શેરોમાં આઈડીયા ૭.૫ ટકા, જે એસ પીએલ ૪.૭ ટકા,આઈ ડી એફ સી ૫.૩ ટકા, હિન્દાલ્કો ૭ ટકા, સ્ટરલાઈટ ઈન્ડ. ૪.૭ ટકા વધ્યા હતા. જો કે સિમેન્ટ શેરોની જેમ જ આ શેરોમાં પણ ઊંચા મથાળે સાવેચતીનું વલણ રાખવું અને વ્યવવસાયથી બ્રેકઆઉટની રાહ જોવી કારણ કે આ શેરોમાં સીધી વૈશ્વિક અર્થતંત્રની ગતિવિધિઓનું પ્રતિબિંબ રહે છે.

છેલ્લા થોડા સપ્તાહથી શાંત રહેલા આઈ ટી સેક્ટરમાં હલચલ જોવા મળી હતી. જેમાં ટીસીએસ ૩.૭ ટકા, ઈન્ફોસીસ ૪.૫ ટકા વધ્યા હતા.

બેંકિંગ શેરોએ તેજીની લીડરશીપ ચાલુ રાખી હતી. જેના પરિણામરુપ બીએસઈનો બેંકેક્ષ ૪.૧ ટકા વધ્યો હતો. એસબીઆઈ ૭.૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૫.૨ ટકા, અને કોટક મહિન્દ્રા બેંક ૪.૫ ટકા વધ્યા હતા.

નિફ્ટી જૂનિયર ૧.૮ ટકા, સીએનએક્ષ મીડકેપ ઈન્ડેક્ષ ૨ ટકા, બીએસઈનો બેંકેક્ષ ઈન્ડેક્ષ ૩.૫૫ વધ્યા હતા. સ્મોલકેપ શેરોમાં કે આરબીએલ ૪૪ ટકા, મનાલી પેટ્રો ૪૪ ટકા, અને બત્રોનિક અને ઝી ન્યૂઝ માં ૧૫ ટકાનો વધારો નોંધાયો હતો.

**વૈશ્વિક પરિસ્થિતિ :**

અમેરિકામાં અર્થતંત્રની પરિસ્થિતિ હજુ નાજુક ચાલી રહી છે. એક પછી એક અર્થતાંત્રના નેતાઓ વધારે અસમંજસતાઓ ઊભી કરી રહ્યા છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ અને ફાયનાન્સ ગૃહો તરફથી તેમજ દિગ્ગજો તરફથી અર્થથંત્ર માટે મિશ્ર વ્યૂહ આવી રહ્યા છે. આ બધાનીવચ્ચે પ્રમુખ ઓબામા દ્વારા ૫૦ બિલિયન ડોલરની ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઈન્વેસ્ટમેન્ટની જાહેરાત કરવાની ઘોષણા કરી છે. બજારોમાં હકારાત્મક સેન્ટીમેન્ટને જોર આપવામાં આ જાહેરાત મદદરુપ થઈ રહેશે.

બીજી બાજુ યુકેમાં ચલણ પાઉન્ડ ટ્રેડ વેઈટેડ બેઝીઝ પર ૨૦૦૭ થી લઈને લગભગ ૨૧ ટકા ઘટ્યો છે કે જેના કારણે એક્ષપોર્ટરને ફાયદો મળી રહ્યો છે. જો કે અમેરિકાની સરખામણીમાં યુકે. દ્વારા વધારે સ્ટીમ્યુલસ પેકેજની જાહેરાતની જગ્યાએ ડેફિસીટ ઘટાડાના પગલાંઓ નવા ગઠબંધન સરકાર દ્વારા મકકમ રીતે લેવામાં આવ્યાં છે જો કે ટૂંકાગાળા માટે ભલે બજારોને પ્રોત્સાહન આપવામાં યુકે સરકાર નિષ્ફળ નીવડે પરંતુ મધ્યમથી લાંબાગાળા માટે આ પ્રક્રિયા દેવા બોજથી ડૂબી ગયેલા દેશને ફન્ડામેન્ટલી મજબૂત કરવામાં અગત્યનો ભાગ ભજવશે. યુરોપના અન્ય દેવા બોજથી લદાયેલા દેશો દ્વારા આ જ નમૂનારુપ બની રહેવું જોઈએ.

આ સિવાય એશિયન બજારોમાં પણ સપ્તાહ દરમ્યાન તેજીની રુખ જોવા મળી હતી. જેમાં જાપાનીજ યેનના કેરી ટ્રેડ અને યીલ્ડ ડીસએડવાન્ટેજ સાથે અમેરિકન જોબ ડેટા અને ટ્રેડ ડેટા અપેક્ષા કરતા સારા આવતા સેન્ટીમેન્ટને બાદ મળ્યું હતું.




તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

### સ્ટોપલોસ વગર ખરીદો

**ઈસ્પાત** બંધ ભાવ : ૨૧.૪૦
ઈસ્પાત ખરીદો @ ૨૦-૨૧.૬૦
વિકલી ટાર્ગેટ ૨૪.૯૫-૨૭-૨૮ **લલીતભાઈ શાહ**

**બાય ટાટા ક્રોમ** બાય રેટ : ૩૩૦-૩૩૫
ટાર્ગેટ : ૩૪૨-૩૪૭ **શરદ કોટક**

## જો વૈશ્વિક પ્રવાહો અને આવનાર સ્થાનિક પ્રસંગને કારણે ઝીગઝાગ રહેશે

**તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૦ થી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૦**

બજાર મજબુત નોટ સાથે બંધ આવ્યું અને જો એફ આઈ આઈ નો નાણાકીય પ્રવાહ રાબેતા મુજબ ચાલુ રહેશે અને વૈશ્વિક બજારો જો સીટેકો આપશે તો આ રુખ ચાલુ જ રહેશે.

### બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

આ સમયે ઘણા સ્થાનિક પ્રસંગો આવવાના છે જેમ કે જુલાઈ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન ડેટા (૧૦મી સપ્ટેમ્બર) ઓગષ્ટ ફૂગાવાના આંકડા (૧૪ સપ્ટેમ્બર) એડવાન્સ ટેક્ષની ચુકવણીની વિગતો (૧૫ સપ્ટેમ્બર) અને આર બી આઈ સપોલીસી રિવ્યુ (૧૬મી સપ્ટેમ્બર). આ બધા જ પ્રસંગો, જાહેર જનાર વિગતોને અનુરૂપ તેમની યોગ્ય અસરો બજારમાં ઉપજાવશે

જો બજાર મજબુતાઈ સાથે બંધ આપે તો પણ આપણે વૈશ્વિક બજારોની રુખ અને આવનાર આ સ્વદેશી પ્રસંગોને કારણે સાવચેતી રાખવાની છે. અમે તો સલાહ આપીએ છીએ કે હાથ પર રોકડ રાખો અને તમારા વ્યાપારના જોખમને ઓછું કરવા માટે લાંબા ગાળાના રોકાણમાં ઘટાડો કરો અને સ્ટોક સ્પેસિફિક બજારમાં વધોર જોખમ લેવાનું ટાળો.

વૈશ્વિક બજારો તેમના અગાઉના વર્ષ કરતાં ૧૫ થી ૩૦ ટકા જેટલા નકારાત્મક છે. જયારે આપણે અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ ૨૦ ટકા જેટલા હકારાત્મક છીએ. જો એફ આઈ આઈ નો નાણાકીય પ્રવાહ સાતત્ય ન જાળવે તો આપણે સાવચેતી રાખવી, કારણ કે આ સમયે બજારમાં ઘટાડો જોવાઈ શકે.

**સેન્સેક્ષ ૧૮૭૯૯**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૦ થી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૦ )**

આ સપ્તાહે ૧૮૯૦૦ અને

**અનુસંધાન પા.નં.૬ ઉપર**

### ઉત્કૃષ્ઠ આઈ આઈ પીના ડેટાને કારણે સોમવારે બજાર મોટા ગેપમાં ઉપર તરફ ખુલવાની શક્યતા

**લલીતભાઈ શાહ**

## યુરોપ મુશ્કેલીમાં અને આઈટીની વેદનાઓ પણ ચાલુ, છતાં પણ એડવાન્સ ટેક્ષના આંકડાઓએ બજારને બળ આપ્યું

નિફ્ટી (૫૬૪૦)હકારાત્મક બંધ આવ્યો અને બ્રેકઆઉટ પછી +૧૬૧ પોઈન્ટની વૃધ્ધિ સાથે ૩૨ માસની ઉચ્ચતમ સપાટીએ હકારાત્મક બંધ આપ્યો. ૫૫૨૦ની સપાટીી વટાવ્યા પછી બજારને એક દીશા મળી અને ૫૫૦૦ નીચે બંધ આવ્યો ત્યાં સીધી કોઈ નિર્બળતા જોવા મળી નહીં. કેશ શેરોમાં સારો એવો નફો મળ્યો અને ઘણા શેરોએ તો ૨૦ થી ૩૦ ટકા જેટલું વળતર માત્ર ૫ થી ૬ દિવસમાં જ આપ્યુ. આવી ે ગતિ બજારમાં ભાગ્યે જ જોવા મળે છે, તેથી લીવરેજ પોઝીશન ટાળો અને સ્ટોપલોસ તરીકે બંધના ધોરણે ૫૪૦૦ ની સપાટી ગણીને સુરક્ષિત રીતે રમો. અને જો બજાર

### પ્રભાકર વ્યુ



પ્રભાકર
info@akprabhakar.com
akprabhakar.equity@gmail.com
www.akprabhakar.com

કરેકશન દાખવવાનું શરુ કરે તો કોઈ પણ પોઝીશનને એવરેજ કરો નહીં. (બજારમાં ટ્રેડીંગ માટે જો ૧-૨ દિવસ નિફ્ટી ૫૪૦૦ ની સપાટીથી નીચે બંધ આપે અથવા તો ૧-૨ દિવસ ૫૬૫૦ ની સપાટીથી ઉપર બંધ આપે તો ડાયરેકશનલ - જે તે દીશા સુચક કોલ લેવા સલાહ છે. ) સાપ્તાહિક ધોરણે ૫૫૮૦ મજબૂત ટેકો છે અને ૫૬૭૦ મજબૂત પ્રતિકારક સપાટી છે અને અત્યારની વિશાળ રેન્જ ૫૪૪૦ થી ૫૭૨૦એ કેટલિક ટેકાની સપાટી અને પ્રતિકારક સપાટીઓ તોડી નાખી છે. બજારને ટેકો આપતી લાંબ ગાળાની મુવીંગ એવરેજમાં ૨૦૦ ડી એમએ ૫૧૯૩ ને ૧૦૦ ડી એમ એ ૫૨૮૭ છે. ૫૪૦૦ ઉપરનો કોઈ પણ બંધ નિર્બળતા દશાવે છે.

**નિફ્ટી**

**ટેકો** : ૫૫૯૦-૫૫૩૫-૫૪૭૦

**પ્રતિકારક સપાટી** : ૫૬૮૫-૫૭૩૦-૫૭૬૫

ઘણા ડેટા જેવા કે આવનાર આઈ આઈ પી ડેટા, ફૂગાવના આંકડા (૧૪ સપ્ટે) અને આર બી આઈ રિવ્યુ (૧૬મી સપ્ટેમ્બર) તેમ જ કોર્પોરેટ એડવાન્સ ટેક્ષના આંકડા આવવાની શરૂઆત થશે. આમાંના કેટલાક ડેટા ધીમી ગતિ પણ દર્શાવશે, વૈશ્વિક અને યુરોપિયન ચિતાઓ જેમ કે કે ડચ બેંક એજીએ ગુચવાયેલ સ્ટોક સેલને ૧૧ બિલિયન ડોલર જેટલું વધારવા માટે સંપર્ક કર્યો અને નિષ્ણાતો કહી રહેલ છે કે આ એક જ બેંક નથી કે જે પૈસા વૃધ્ધિ માટે સક્રિય છે.

એગ્રી કોમોડીટી શેર, વૈશ્વિક સ્તરે ઘઉં અને ચોખાની અછતને કારણે સારી તેજીમયતા દર્શાવી રહેલ છે. અહીંથી ફર્ટિલાઈજર શેર વધુ વૃધ્ધિ માટે સારા જણાય છે. બજાર અધિકમૂલ્યઅંકિત થયેલ છે અને ઈ પી એફ આર ડેટા મુજબ વૈશ્વિક ફંડ સુકાઈ રહેલ છે ત્યારે જો એડવાન્સ ટેક્ષના આંકડાએ ટેકો આપવો જોઈએ. હચ વોડાફોન ડીલ પર મુંબઈ હાઈકોર્ટે આપેલ ચુકદાનો અમલ બાકી છે જેમ કે ભારતમાં એફ ડી આઈ, એમ એન્ડ એ અને પી ઈ પ્રવૃત્તિઓ સેસાગોઆ અને કૈરન સાથે જોડાયેલ છે જે ફરી નબળા બની રહેલ છે.

યુ. એસના ઓહિયો રાજયે સરકારી આઈટીના આઉટ સોર્સીંગ માટે માટે બાન લાદેલ છે તેથી ઓફશોર લોકેશનમાં બેક ઓફીસ ધરાવતા ભારત જેવા દેશો માટે બેકારીની સમસ્યાથી પિડાતાં બીજા રાજયો પણ આવાં પગલાં લેશે તે ભયને જોતાં આઈટી સેકટર પર આફતથી હજુ મુકત થયેલ નથી. ઓબામાએ જણાવેલ છે કે આવી કંપનીઓને કોઈ ટેક્ષ ઈન્સેટિવ પણ આપવામાં આવશે નહીં. આ કારણે આઈટી કંપની આફતના ઘેરાવામાં આવી શકશે.

**શેરની વાત :**

**મૂલ્યવર્ધિત ખરીદી : ટીનપ્લેટ :** હાલની કિંમત રૂ. ૭૬.

આ શેરની ફેસ વેલ્યુ ૧૦, બુક વેલ્યુ રૂ. ૪૨.૯, (૧૨ માસથી દોરાઈ આવેલ છે. ઈપીએસ - ૬૧૭.૭૮ (ટાટા ગ્રુપ) http://www.tatatinplate.com

ટીનપ્લેટ : ભારત ખાતેના કોટેડ ટીન અને ટીન ફ્રી સ્ટીલના મોટામાં મોટા ઉત્પાદક છે અને બજારનો ૩૫ થી ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આ કંપની તેના ઉત્પાદનનો ૨૦ થી ૨૫ જેટલો હિસ્સો ડબ્બા બનાવનારાઓને સીધેસીધો મોકલાવે છે તેમ જ આ કંપનીનાં ઉત્પાદનો એસ ઈ એશિયાઅ, મીડલ ઈસ્ટ અને યુરોપના બીજા વિકસતા દેશો દ્વારા ખૂબ સારી રીતે સ્વીકારાયેલ છે, આ કંપની જે પેકીંગના ધંધામાં છે તે ડબ્બા કાટ રહિત ેહોય છે અને ઠંડાં પિણાં તેમ જ ખાદ્યચિજોના પેકીંગ માટે પણ

**અનુસંધાન પા.નં.૪ ઉપર**

## હવે ઉર્ધ્વગતિ બસ દોરવાઈ રહી છે

ગત સપ્તાહે નિફ્ટીએ લગભગ ૩ ટકા જેટલી ઉપરની તેમ જ ૨૭ સપ્તાહ પછીની નિફ્ટીની સૌથી ઉંચી સપાટી દર્શાવીહતી. આગળ જતાં આવનાર

### હોટ ટોક



તન્મય જી. પુરોહિત
મો. ૯૮૫૦૬૯૫૯૯૪
CFA, MS-Finance
Web Blog :
www.tanmaygopal.com

સપ્તાહે નિફ્ટી ૫૭૪૦ ની સપાટી દર્શાવી શકે તેમ જ ૫૫૫૦ની મહત્વની તળિયાની સપાટી પણ દશાવી શકે. રોકાણકારો માટે ૫૩૫૯-૫૪૦૦ એ ખૂબ અગત્યનો ટેકો છે અને જયાં સુધી તે તૂટશે નહીં ત્યાં સુધી આ ઉર્ધ્વગતિ ચાલુ જ રહેશે. તેથી આ સપાટીને સ્ટોપલોસ તરીકે રાખી હાલમાં ચાલતા આ રેલીના મોજાની તક ઉઠાવી શકે. નિફ્ટીની સપાટી ટૂંકા ગાળાની મુવીંગ એવરેજ કરતા સારી એવી વધેલ છે અને ઈન્ટ્રાડે ઘટાડો પણ તિવ્ર નોંધાઈ શકે, તેથી ઉંચી સપાટીએ સાવચેતી સલાહભરી છે તેમ જ ઘટાડે ખરીદી કરવી પણ હિતાવહ છે.

**એપીલ :** (રૂ.૭૨૨)

આ શેરે તેની ઉપરની ચેનલમાં ટ્રેડ થાય છે અને હવે તે રૂ. ૭૦૦ ના ટેકાની સપાટી નજીક છે જે દર્શાવે છે કે જો આ સપાટી જળવાઈ રહે તો આ શેરમાં કંઈક પુલબેક પણ શકય છે. રસપ્રદ હકિકત એ છે કે આ રેલી દરમ્યાન ૫૦ ડી એમ એ સાતત્યભરી રીતે જળવાઈ રહેલ છે અને હાલમાં તે ટેકાની સપાટીને સ્પર્શ કરી રહેલ છે. હવે ૫૦ ડી એમ એ રૂ. ૬૯૯ છે.

આ શેર રૂ. ૭૧૫ થી ૭૨૦ ના ભાવે ખરીદો. સ્ટોપ લોસ રૂ. ૬૯૯ રાખો તેમ જ લક્ષાંક રૂ. ૭૫૫ થી ૭૬૦ રાખો.

**કૈરન :** (રૂ.૩૨૬)

આ તેલનો શેર, વેદાન્તા આ કંપનીમાં હિસ્સો ખરીદવા માગે છે તેવા સમાચાર પછી ચર્ચામાં રહેલ છે. ટેકનીકલી જટિલ હેડ એન્ડ શોલ્ડરની રચના કરેલ છે જયાં રૂ. ૩૩૦ની સપાટી નીચે બ્રેકઆઉટ આવેલ છે. હવે જો આ શેર લાંબા સમય માટે આ નીચેની સપાટી જાળવી રાખે તો તે પછીનો ટેકો ૩૧૫ અને રૂ. ૩૦૦ ની સપાટી હોઈ શકે. જયારે રૂ. ૩૩૮ અને ૩૪૫ મહત્વનો પ્રતિકારક સપાટી દર્શાવે છે.



### ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

આવતા સપ્તાહે નીચે મુજબની ટ્રેડીંગ સ્ટ્રેટેજી અને બાબતો ધ્યાનમાં રખાય.

(૧) **હિંદ યુનિલિવર :-** ૨૫૦ના સ્ટોપલોસથી ખરીદો ટાર્ગેટ ૩૨૦ અઠવાડિક ચાર્ટ પર કપ એન્ડ હેન્ટલ ની પેટર્ન બનાવેલી છે.

(૨) **આઈડીયાઃ-** ૭૧ના સ્ટોપલોસે ખરીદો ટાર્ગેટ ૮૩-૮૯ દૈનિક ચાર્ટ રાઉન્ડિંગ બોટમ અને અઠવાડીક ચાર્ટ પર હેડ એન્ડ સોલ્ડર પેટર્ન બનાવેલી છે.

(૩) **આદિત્ય બિરલા નુવો :-** ૮૨૨ના સ્ટોપલોસે ખરીદો. ટાર્ગેટ ૯૨ટે દૈનિક ચાર્ટ પર રાઉન્ડિંગ બોટમ બનાવેલી છે.

(૪) **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા :-** ૮૧૫ના સ્ટોપલોસે ખરીદો. ટાર્ગેટ ૬૭૯-૭૫૪

(૫) **નિફ્ટી કોલ ઓપ્શન :-** ઓપ્શન ટ્રેડરો નિફ્ટીનો ૫૭૦૦નો કોલ ખરીદી શકે.

(૬) **આઈડીયા ઓપ્શન :-** ૮૦ની સ્ટ્રાઈકનો કોલ ખરીદો હેજ માટે ૭૫નો પુટ ખરીદો

(૭) **રિલાયન્સ ઈન્ડ. :-** ૯૨૨ના સ્ટોપલોસે ખરીદો ટાર્ગેટ ૯૯૭-૧૦૨૭

## નિફ્ટી ૫૭૦૦ પાર કરવા તલપાપડ

**શરદ કોટક**

# આવનાર સપ્તાહમાં વધઘટે તેજીની ચાલ આગળ વધશે

ગયા અંકમાં આપણે તેજીની ચાલ આગળ વધશે તેવું સ્પષ્ટ પણે જણાવી ચૂક્યા છીએ. ફરીથી એક વાર ફોરેન સંસ્થાઓ સાથે આપણા ફંડો પણ સારા

**ટેકનો વ્યૂ**



**રમેશ વાટલિયા**
**મો. ૯૮૯૮૧૧૫૪૮૮**
www.rameshvatalia.com

શેરોમાં ઊંચા ભાવથી રોકાણ કરી રહેલ છે. સારા વરસાદને કારણે તેજી બમણા વેગથી આગળ વધી રહી છે. મોટા શેરો જેવા કે એમઆરએફ રૂા.૧૦,૦૦૦ ની સપાટી કૂદાવી દીધી છે. આવા ઘણા બધા શેરો તેજીની ઝોનમાં આગળ વધી રહ્યા છે.

**ચાર્ટ અવલોકન**

**નિફ્ટી (૫૬૩૨):** સાપ્તાહિક ચાર્ટ



તેજી તરફી હોવાથી મોટા કરેક્શનની શક્યતા નથી. નાના કરેક્શન આવશે. તેમાં ખરી દી કરવાની રહેશે. તેજીની ચાલ વધઘટે આગળ વધવાની જ ગણતરી બતાવી રહ્યું છે. બજારે બે સાપ્તાહિક અગાઉ બોટમ બનાવી છે. ૫૩૫૦ ખૂબ જ અગત્યની રહેશે. આ સપાટી તૂટવાના સંજોગો હાલ પૂરતા બતાવતું નથી. છતાં આપણે શેરોમાં ધ્યાન વધારે રાખીશું.

**એમ્ફેસિસ (૬૪૮):** સાપ્તાહિક ચાર્ટમાં રાઉન્ડિંગ બોટમ બની ગઈ છે. નીચામાં લાંબાગાળાનું રોકાણ કરવું હોય તો તેમને માટે નીચામાં ૫૭૦ નજીકમાં ૬૨૦ની સપાટી ધ્યાનમાં રાખીને રોકાણનો માર્ગ અપનાવવો. ઉપરમાં ૬૬૪ કૂદાવતા વધઘટે ૭૦૦ થી ૭૫૦ સુધીની જગ્યા બની ગઈ છે. ટૂંકમાં રોકાણ હોય તો જાળવી રાખવું.

**એચસીએલ ટેકનો. (૪૧૨):** ગયા સપ્તાહમાં આ શેરમાં રોકાણ કરવા માટે જણાવી ચુક્યા છીએ. ખેર, ગયા સપ્તાહમાં બ્રેકઆઉટની રચના બનાવી છે. દૂ રમાં ૩૮૦ની સપાટી તૂટવાની શક્યતા નથી. ઉપરમાં ૪૨૧ મહત્ત્વની સપાટી કૂદાવતા ઝડપથી તેજીની ચાલ આગળ વધશે. રોકાણ કરવું.

**એચપીસીએલ (૫૩૦):** આ શેરમાં ઉપરમાં ત્રણ સપ્તાહ અગાઉમાં ૫૪૯ના મથાળાથી કરેક્શનની ચાલ ૫૧૦ પાસે પૂર્ણ કરીને ગયા સપ્તાહમાં તેજીના સંકેત આપી દીધા છે. આવનાર સપ્તાહમાં ઉપરમાં ૫૪૮ની સપાટી કૂદાવતા ઝડપથી તેજીની ચાલ આગળ વધશે. રોકાણ હોય તો જાળવવું. નવું રોકાણ પણ કરાય. ૫૧૦ ખૂબ જ મહત્ત્વની સપાટી ધ્યાનમાં રાખવી.

**બીઆરએફએલ (૨૬૦):** આ શેરે ઉપરમાં ૨૮૦ના ભાવથી છ સપ્તાહની સુધી કરેક્શની ચાલમાં નીચામાં ૩૫૩ પાસે પૂર્ણ કરીને ગયા સપ્તાહમાં પોઝીટીવ સંકેત બતાવ્યા છે. વધારે પડતી વેચાણવાળી સ્થિતિમાંથી સુધારા તરફી થઈ રહ્યો છે. આથી આપણે ૭ રૂાનું જોખમ લેવાનુ છે. ચાર્ટની દ્રષ્ટિથી ૨૫૩ની સપાટી તૂટવાની શકયતા નથી. આ સપાટી ધ્યાનમાં રાખીને રોકાણ વધારતા જવું. બે થી ત્રણ સપ્તાહમાં ૨૭૫ આસપાસ આવી શકે છે.

**સેન્ચુરી ટેક્ષટાઈલ (૫૧૬) :** ગયા અંકમાં રોકાણ માટેના સંકેત એક જ સપ્તાહમાં ૪.૫ ટકાનો સુધારો બતાવ્યો છે.૪૭૨ની ખૂબ જ અગત્યી સપાટી બનાવી દીધી છે. ઉપરમાં ૫૩૧ કૂદાવતા ઝડપતી તેજી આગળ વધશે.

**ફોર્ટીસ (૧૬૪) :** એક સપ્તાહમાં ૨.૬ ટકા નો સુધારો બતાવ્યો છે. નીચામાં ૧૫૨ની સપાટી ખૂબ જ અગત્યની રહેશે. ઉપરમાં ૧૬૭ની સપાટ કૂદાવતા નવી તેજીમાં આગળ વધશે. રોકાણ કરનારને સારો લાભ આપી જશે.

**એફએસએલ (૨૭):** આ શેરમાં નીચામાં ૨૫ આસપાસ ખૂબ જ મહત્ત્વની સપાટી બનાવી છે. સાપ્તાહિક ચાર્ટમાં રાઉન્ડિંગ બોટમની રચના બનાવી દીધી છે. ધીમે ધીમે તેજીની ચાલ આગળ વધશે. ઉપરમાં વધઘટે ૨૯ કૂદાવતાં ૩૩ આસપાસ આવી શકે છે. રોકાણ કરવું.

**એચસીસી (૬૨):** આ શેરે ગયા સપ્તાહમાં નીચામાં ૫૫ની બોટમ બનાવીને સુધારાના સંકેત આપી દીધા છે. ઉપરમાં ૬૪ની સપાટી કૂદાવતા ૭૨ની આસપાસ ખૂબ જ ઝડપથી આવવાની ગણતરી બતાવી રહ્યું છે. રોકાણ કરનારને સારૂં વળતર આપી જશે.

**એચડીઆઈએલ (૨૭૯):** એક સપ્તાહ અગાઉ નીચામાં ૨૫૦ની બોટમ બનાવીને ખૂબ જ મહત્ત્વની સપાટી બનાવી છે. આ સપાટી તૂટવાના સંજોગો નથી. ઉપરમાં ૨૮૬ કુદાવતા નજીકમાં ૩૦૦ની સપાટી આસપાસ આવી શકે છે. રોકાણ કરવું.

જે સભ્યોને રોકાણ કરવું હોય તેઓને હિન્દાલ્કો, હિન્દુસ્તાન લીવર, આઈસીઆઈસીઆઈ બેંક, જીવીકે પાવર, જીટીએલ ઈન્ફ્રા., આ બધા શેરોના ચાર્ટ તેજી તરફી હોવાથી આ શેરોમાં ઘટાડે રોકાણ કરનારને સારું વળતર આપી જશે.

# નિફ્ટી રેન્જ હમણાં ૫૪૮૦-૫૬૦૦ વધે ઘટે આ રેન્જ જળવાઈ રહેશે ઉપરમાં ૫૬૭૦-૫૭૧૦ નિફ્ટીનું લેવલ આવી શકે પરંતુ આ લેવલ પર ચોક્કસ પણે વેચો જ વેચો

વાચક મિત્રો,
નિફ્ટી નમસ્કાર,

મિત્રો આપણે વાત થઈ હતી બે સપ્તાહ પહેલા ઉપરમાં નિફ્ટી ૫૬૧૦ સુધી જઈ શકે પરંતુ નિફ્ટીએ ૫૬૪૦ નું ક્લોઝીંગ આપ્યું છે હવે મંદી કયારે

DHAN WIN- "WINNER'S CHOICE"



**હિમાંશુ જાની**
**મો. ૯૩૭૬૯૨૫૯૩૨**
email: dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

કરેક્શન કે પછી નિફ્ટી હવે દિવાળી સુધીમાં નવો હાઈ બનાવશે એવી બજારમાં વાત છે તો આપણે શું કરવું?

મિત્રો મને એવું લાગી રહ્યું છે કે બજાર હવે એક કન્સોલીડેશનમાં જઈ રહ્યું છે. આ સમય એક સપ્તાહ કે પછી ૨ સપ્તાહનો પણ હોઈ શકે છે. અને પછી ઓક્ટોબર મહિનો આમ પણ બજાર માટે વર્ષોથી આપણે જોતા આવ્યા છે જે સારો નથી હોતો. તો પછી શું ઓક્ટોબરમાં કરેક્શન અને દિવાળી વખતે ફરી તેજી થશે .

મિત્રો એતો સમય જ બતાવશે પરંતુ હાલ પુરતું ઈન્ડેક્ષ પર ધ્યાન આપવા કરતા સ્ટોક સ્પેસિફીક એપ્રોચ ખૂબ જ જરુરી બની જાય છે હવે જો તમે બેંકિંગ સેક્ટરની વાત કરો તો એમાં ઘણા ખરા સ્ટોક્સમાં નવી લેવાલી દેખાઈ રહી છે. એસબીઆઈ નવા હાઈ ઉપર તેમજ બેંક ઓફ ઈન્ડિયા અને એચડીએફસી બેંકમાં પણ તેજી છે જયારે એક્ષિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક રેન્જ બાઉન્ડ છે જયારે મેટલ સ્ટોક્સ હીન્દાલ્કો અનેટાટા સ્ટીલમાં તેજી છે તો સ્ટરલાઈટ અને સેઈલ રેન્જ બાઉન્ડ છે. આ દર્શાવે છે કે તમે પહેલા તો સેક્ટર પસંદ કરો અને પછી તેમાં એ સેક્ટરના કયા સ્ટોકમાં છો ઈન્ડેક્ષ બેઝ્ડ મુવમેન્ટની વાત કરીએ તો વાર્ષિક મુવમેન્ટ પ્રમાણે ૫ થી ૬ ટકાનું રિટર્ન છે જયારે બેંક સ્ટોક્સમાં મિત્રો આપણને ખબર છે શું થઈ રહ્યું છે અત્યારે.

સેક્ટર રોટેશન કરીને પણ ઈન્ડેક્ષ ટકી રહેશે એવુંલાગી રહ્યું છે. સોમવારની તેજીમાં રિલાયન્સ અને ટાટાસ્ટીલ તો પછી મધ્ય સપ્તાહમાં સિમેન્ટ સેક્ટરમાં સારી એવી તેજી રહી એટલે હાલ નિફ્ટી બેઝ્ડ મુવમેન્ટ જોયા કરતા સ્ટોક ઉપર ધ્યાન રાખો વધારે મજા આવશે.

હવે વાત કરીએ નિફ્ટીની તો ૫૬૪૦ નું ક્લોઝીંગ આપ્યું છે હવે આગળ શું મિત્રો નિફ્ટી માટે આપણે બધા જાણીએ છીએ તેમ ૫૬૫૦નું એક બહુ જ મહત્ત્વનું લેવલ છે જો બજાર ને ૫૩૫૦ ને સપોર્ટ બનાવો હશે તો આપણે એમ કહીયે કે બજારમાં ૧૦ ટકા નું કરેક્શન આવે તેમ છે. તો નિફ્ટી શું ૫૮૦૦ કે ૫૯૦૦ જઈ શકે છે. શક્યતા છે પણ ઘણી ઓછી હવે તો નિફ્ટી ૫૭૦૦ થી પાછી ફરે તો સમજી લેવાનું કે નિફ્ટી ૨ સપોર્ટ કામ કરશે ૫૩૫૦ અને ૫૧૮૦ આ લેવલ પાર

**હવે બેંકિંગ સ્ટોક નવી લેવાલી દેખાઈ રહી છે અને મેટલ સ્ટોકમાં પણ હવે આવનાર સપ્તાહમાં ખબર પડશે આ લેવાલી કેટલી ટકી રહે છે બજાર હવે એક કન્સોલીડેશનમાં જઈ રહ્યું છે.**

નિફ્ટી જરુરથી ઓક્ટોબરમાં આવશે એવું દેખાઈ રહ્યું છે

મિત્રો તો પછી સાવધાન રહેવું. હા રહો પણ ખરીદી કરી સ્ટોપલોસ રાખી ને. આગળ પણ કહ્યું હતે તેમ ને ફરીથી કહુ છું ૮૦.૨૦ ની રમત રમો ૦.૧૦૦ની નહીં. "ઈન સ્ટોકમાર્કેટ એવરીથીંગ ઈસ ઓન પ્રોબેબિલીટી નથીંગ ઈસ સરટેઈન"

તો જુઓ નિફ્ટી શું કરે છે આવનાર સપ્તાહ રેન્જ ૫૪૦૦-૫૬૦૦ ની રહે તેવું લાગી રહ્યુ છે. ગત સપ્તાહમાં એસીસી બાય કરવાનું કહેલું યાદ હશે ને ૯૦૦ થી ૯૮૦ આવ્યો છે બસ તો આ સપ્તાહમાં ફરીથી જોઈ લેજો લેવલ તમને જેકપોટ કોલ મળતા જ રહેશે.

## TRADING LEVEL - 10 - Sep. - 2010

| Sr_ No | Scrip Name | Close Price | Trade Type | Price Range | Tgt 1 | Tgt 2 | Tgt 3 | Stop Loss |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | NIFTY | 5640 | SELL | 5650-5670 | 5640 | 5610 | 5580 | 5685 |
| 2 | NIFTY | 5640 | BUY | 5560-5580 | 5610 | 5640 | 5655 | 5545 |
| 3 | NIFTY | 5640 | SELL BELOW | 5540 | 5500 | 5480 | 5450 | 5560 |
| 4 | ACC | 980 | BUY | 958-970 | 988 | 1000 | 1018 | 945 |
| 5 | ANDHRA BANK | 158 | BUY | 156-159 | 161 | 165 | 170 | 151 |
| 6 | BANK OF BARODA | 842 | BUY | 836-845 | 854 | 864 | 872 | 828 |
| 7 | BHEL | 2477 | BUY | 2450-2470 | 2490 | 2525 | 2550 | 2410 |
| 8 | CHENNAI PETRO | 244 | BUY | 240-248 | 252 | 255 | 260 | 236 |
| 9 | DR REDDY | 1403 | BUY | 1365-1380 | 1400 | 1420 | 1450 | 1342 |
| 10 | HCL TECH | 410 | BUY | 406-410 | 415 | 420 | 425 | 398 |
| 11 | HDFC BANK | 2244 | BUY | 2220-2240 | 2265 | 2289 | 2310 | 2185 |
| 12 | HERO HONDA | 1733 | BUY | 1710-1725 | 1745 | 1760 | 1772 | 1680 |
| 13 | HINDALCO | 182 | BUY | 179-181 | 184 | 188 | 192 | 175 |
| 14 | ICICI BANK | 1050 | BUY | 1030-1040 | 1052 | 1064 | 1072 | 1020 |
| 15 | IDFC | 189 | BUY | 185-188 | 192 | 195 | 198 | 181 |
| 16 | KOTAK BANK | 864 | BUY | 848-854 | 862 | 870 | 880 | 832 |
| 17 | LT | 1881 | BUY | 1865-1885 | 1900 | 1920 | 1950 | 1850 |
| 18 | M&M | 655 | BUY | 640-650 | 660 | 672 | 680 | 624 |
| 19 | ORIENTAL BANK | 455 | BUY | 440-445 | 452 | 456 | 460 | 432 |
| 20 | POLARIS SOFT | 180 | BUY | 178-181 | 184 | 188 | 192 | 174 |

# નિફ્ટી ફ્યુચર ૫૭૪૦ સુધી આવશે જ ઓક્ટોબર માસમાં કરેકશન ઓવરડ્યુ

**નિફ્ટી ફ્યુચર બંધ : ૫૬૩૧ :** ઉપરમાં વધુ સુધારા થકી ૫૬૫૩-૫૬૬૧નો આંક આવશે. આ સુધારામાં ઈન્ટ્રાડે વેચાણ પેટે ૫૬૭૮નો સ્ટોપલોસ રાખવો. ૫૬૫૩-૫૬૫૧ એ એક મહત્ત્વની પ્રતિકાર સપાટી હોવાથી આ સપાટી નજીકથી ઈન્ટ્રાડેમાં પ્રોફિટ બુકીંગ ઘટાડાની શક્યતા રહેલી છે. આ ઘટાડો ૫૫૯૭-૫૫૬૧ સુધીનો રહેશે.

**ગોલ્ડન સ્પોટ**

**મનીષ પટેલ**
**મો. ૯૮૨૫૦૧૧૪૩૧**
**૯૭૧૨૯૧૧૪૩૧**
latish_patel@yahoo.co.in

આ ઘટાડામાં ઈન્ટ્રાડેમાં લેણ પેટે ૫૫૪૩નો સ્ટોપલોસ રાખી લેણ જ કરવું જયાં સુધી ૫૫૪૮-૫૫૬૧ના વીકલી સપોર્ટ નીચે બંધ નહીં આવે ત્યાં સુધી. હાલ પુરતી નવા ઘટાડાની શક્યતાઓ નથી. ઉપરમાં ૫૬૬૧ ઉપર બંધ આવતા નક્કર સુધારા થકી ૫૬૭૮, ૫૬૯૭, ૫૭૨૧ અને ૫૭૪૦ સુધીનો વધુ સુધારો જોવા મળે

**એક્સીસ બેંક ફ્યુચર બંધ ભાવ : ૧૩૮૪**

૧૩૬૭-૧૩૫૭ના ઘટાડામાં ૧૩૫૨ના સ્ટોપલોસથી લેણ જ કરવું. ઉપરમાં ૧૩૯૭ ઉપર બંધ આવતા ૧૪૨૦-૧૪૪૨ અને ૧૪૬૪નો ભાવ જોવા મળે.

**અબાન ફ્યુચર બંધ ભાવ : ૮૨૩**

**વિશ્વના દરેક શેરબજારોમાં ચાર્ટના એનાલીસીસ દ્વારા જ ટ્રેડીંગ કરવામાં આવે છે. અમારા દ્વારા ચાર્ટ શીખવાડવામાં આવે છે. ચાર્ટ શીખવા રસ ધરાવતા વાચક મિત્રોએ સંપર્ક કરવા વિનંતી.**

૮૦૯-૮૧૭ના ઘટાડામાં ૭૯૪ના સ્ટોપલોસથી લેણ જ કરવું. ઉપરમાં ૮૩૬ ઉપર બે દિવસ બંધ આવતા વધુ નક્કર સુધારા થકી ૮૫૭, ૮૮૧, ૯૦૫ અને ૯૨૮નો ભાવ જોવા મળે.

**ભેલ ફ્યુચર બંધ ભાવ : ૨૪૬૮**

૨૪૫૫-૨૪૪૮-૨૪૩૮ના ઘટાડામાં ૨૪૨૧ના સ્ટોપલોસથી લેણ જ કરવું. ઉપરમાં ૨૪૮૨ ઉપર બે દિવસ બંધ આવતા ૨૫૧૧, ૨૫૩૨ અને ૨૫૪૮નો ભાવ જોવા મળે.

**એચડીએફસી બેંક ફ્યુચર બંધ ભાવ : ૨૨૩૭**

૨૨૦૦-૨૨૦૭-૨૨૧૯ના ઘટાડામાં ૨૧૮૦ના સ્ટોપલોસથી લેણ જ કરવું. ઉપરમાં ૨૨૬૨ ઉપર બંધ આવતા વધુ સુધારા થકી ૨૨૮૭, ૨૩૦૮, ૨૩૨૫ અને ૨૩૪૧નો ભાવ જોવા મળે.

**આઇસીઆઇસીઆઇ બેંક ફ્યુચર બંધ ભાવ : ૧૦૪૧**

૧૦૩૨-૧૦૨૪-૧૦૧૭ના ઘટાડામાં ૧૦૦૭ના સ્ટોપલોસથી લેણ જ કરવું. ઉપરમાં ૧૦૫૩ ઉપર બંધ આવતા વધુ સુધારા થકી ૧૦૭૮, ૧૦૯૬, ૧૧૧૭ અને ૧૧૩૬નો ભાવ જોવા મળે.

**ઇન્ફોસીસ ફ્યુચર બંધ ભાવ : ૨૮૭૮**

૨૮૩૬-૨૮૫૩-૨૮૬૦ના ઘટાડામાં ૨૮૧૧ના સ્ટોપલોસથી લેણ જ કરવું. ઉપરમાં વધુ સુધારા થકી ૨૯૦૫ અને ૨૯૨૬નો ભાવ જોવા મળે. ૨૯૨૬ ઉપર બંધ આવે તો અને તો જ વધુ સુધારા થકી રોકેટ ગતિથી ૨૯૭૩, ૩૦૧૬ અને ૩૦૪૮નો ભાવ જોવા મળે.

# નિફ્ટી બેઝ માર્કેટમાં તેજી યથાવત્ રહેશે

વાંચક મિત્રો, સૌ પ્રથમ ઈદ મુબારક તેમજ જૈન મિત્રોને મારાથી મન, વચન, કાયાથી કોઈ ભૂલ થઈ હોય તો આપ સર્વેને મિચ્છામી દુક્કડમ. આવનાર સપ્તાહમાં માર્કેટમાં તેજીનો દોર યથાવત રહેશે. ખાસ કરીને રીલા. ગ્રુપ તેજીની આગેવાની લેશે.

**બેસ્ટ ટીપ્સ**



**રૂપેશ શાહ**
**મો. ૯૪૨૮૭૩૨૫૭૨**
rup947@yahoo.co.in

તેમજ મિત્રો મીડકેપ શેરોમાં પસંદકગીના શેરોમાં તેજીની સર્કિટ જોવા મળશે. છતાં મિત્રો, મિડકેપ તેમજ સ્મોલકેપ શેરોમાં સ્ટોપલોસ રાખીને જ વેપાર કરવો. મિત્રો અનેક સેક્ટરમાં આગ ઝરતી તેજી જોવા મળે છે. તે તેજી હજુ યથાવત રહેશે. પરંતુ બેંક સેક્ટરમાં તેજીના તારલાઓએ સ્ટોપલોસ સિવાય વેપાર કરવો નહીં. નહીં તો પસ્તાવાનો વારો આવશે.

મિત્રો અતિ લોભ પાપનું મૂળ છે. તેથી યોગ્ય સ્ટોપલોસ રાખીને જ વેપાર કરવો. મિત્રો હાલના તબક્કે દરેક સેક્ટરમાં તેજીનો દોર જોવા મળે છે. જે યથાવત્ રહેશે પરંતુ મિત્રો આપનો વેપાર આપના દાયરામાં જ કરવો જેથી કોઈ મોટુ કરેક્શન આપે તો કોઈ આર્થિક મુશ્કેલી ન પડે તેમજ ફાજલ મૂડી માર્કેટમાં ઈન્વેસ્ટ કરવી નહીકે માર્કેટમાંથી વ્યાજે લાવી માર્કેટમાં મૂડી નાખવી, આવું કરનાર ને હમેશા પસ્તાવાનો વારો આવે છે. તેથી મિત્રો આપણી મૂડીનું ઈન્વેસ્ટમેન્ટ તબક્કાવાર કરવું.

**(૧) એચડીએફસી બેંક (૨૨૪૦.૪૫) :-** આ સ્કીપમાં નજીકના **૨૨૩૨** અને દૂરના **૨૨૨૦** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૨૪૭** આ ઉપર **૨૨૫૬** આ ઉપર **૨૨૬૪** થી **૨૨૭૫** નો ભાવ જોવા મળે.

**(૨) ગ્રાસીમ (૨૧૫૧.૧૫) :-** આ સ્કીપમાં નજીકના **૨૧૪૨** અને દૂરના **૨૧૩૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૧૫૮** આ ઉપર **૨૧૬૬** આ ઉપર **૨૧૭૮** થી **૨૧૯૨** નો ભાવ જોવા મળે.

**(૩) કોલગેટ (૮૨૬.૪૦) :-** આ સ્કીપમાં નજીકના **૮૨૧** અને દૂરના **૮૧૫** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૮૩૩** આ ઉપર **૮૪૧** આ ઉપર **૮૫૨** થી **૮૬૧** નો ભાવ જોવા મળે.

**(૪) અબાન (૮૨૦.૪૦) :-** આ સ્કીપમાં નજીકના **૮૧૩** અને દૂરના **૮૦૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૮૩૩** આ ઉપર **૮૪૧** આ ઉપર **૮૫૨** થી **૮૬૧** નો ભાવ જોવા મળે.

**(૫) મુન્દ્રા (૭૯૦.૫૫) :-** આ સ્કીપમાં નજીકના **૭૮૩** અને દૂરના **૭૭૫** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૭૯૭** આ ઉપર **૮૦૪** આ ઉપર **૮૧૩** થી **૮૨૪** નો ભાવ જોવા મળે.

**(૬) ટાઈટન (૨૯૫૨.૫૦) :-** આ સ્કીપમાં નજીકના **૨૯૪૫** અને દૂરના **૨૯૩૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૯૬૦** આ ઉપર **૨૯૭૨** આ ઉપર **૨૯૮૫** થી **૨૯૯૮** નો ભાવ જોવા મળે.

**(૭) હીરો હોન્ડા (૧૭૩૨.૫૫) :-** આ સ્કીપમાં નજીકના **૧૭૨૫** અને દૂરના **૧૭૧૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૭૪૧** આ ઉપર **૧૭૪૮** આ ઉપર **૧૭૫૬** થી **૧૭૬૮** નો ભાવ જોવા મળે.

**(૮) બીઈએલ (૧૭૨૧.૭૫) :-** આ સ્કીપમાં નજીકના **૧૭૦૬** અને દૂરના **૧૬૯૭** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૭૧૯** આ ઉપર **૧૭૨૮** આ ઉપર **૧૭૩૮** થી **૧૭૫૨** નો ભાવ જોવા મળે..

# બુલિશ માર્કેટ

આપણી નિફ્ટી ૫૫૦૦ આંકડા કૂદાવતાં અને તેની ઉપર જ રહેતાં અને હવે ૫૬૦૦ પણ કૂદાવ્યું છે તે બધા લક્ષણો બતાવે છે કે માર્કેટ હવે બુલિશ

**ટેકનીકલ એનાલીસીસ ફોર ફ્યુચર ટ્રેન્ડ**



**ડો. ચંદ્ર વનવારી**
**મો. ૯૮૨૫૯૦૦૮૪૯**
www.vccfuturetrading.com

બની રહ્યું છે. હવે પ્રશ્ન થાય છે કે આના પહેલાં માર્કેટ શું મંદીમાં હતું તો જવાબ છે, આના પહેલા માર્કેટ ટ્રેડીંગ ટુ બુલ માર્કેટ હતું. બુલ માર્કેટમાં લીડર અને સ્ટોક રોટેશન થતું હોય છે જેમ કે હમણાં આ અઠવાડીયામાં કદાચ સિમેન્ટ સ્ટોક ચમક્યું. આવતા અઠવાડીયામાં કદાચ ઓટો મોબાઈલ ગ્રુપ ચમકારા બતાવે. આમ થતું જ રહે છે. આ વાતનો ટ્રેડર ફાયદો લઈ શકે છે. જેમાં મોમેન્ટમ સ્ટોકમાં નફો રળીને અને નીચા સ્ટોક જેમાં મુવમેન્ટ ચાલુ થતી હોય તેમાં રોકી મની રોટેશન કરતા રહેવાથી સારો એવો નફો મળી શકે તેમ છે. આ અઠવાડીયા માટે.

**(૧) અદાણી એન્ટરપ્રાઈઝ :** ૬૬૧ ઉપર બંધ બતાવ્યું છે. તા. ૯-૯-૨૦૧૦ના ૬૪૯ નો સ્ટોપલોસ રાખીને વ્યાપાર કરો. ૬૮૦ કૂદાવતા ૭૦૦ થી ૭૨૦નો ભાવ ઝડપથી આવી શકે છે.

**(૨) રિલાયન્સ કેપિટલ :** ધીમે ધીમે સ્ટ્રોંગ મુવમેન્ટ બતાવી રહ્યું છે. કદાચ તેનું પહેલાનું ટોપ જે રૂા. ૮૦૦નો છે તે કુદાવી જાય.સ્ટોપલોસ ૭૫૦નો રાખવો.

પહેલાં એવું કહેવાતું હતું કે બધા જ ઈંડા એક બાસ્કેટમાં મુકવા પણ જો આપણને ખરખર પૈસા બનાવવા હોય તો આપણે મોટા ભાગનાં ઈંડાં વધારેમાં વધારે ત્રણ થી પાંચ બાસ્કેટમાં મુકવા. એટલે હું વધારે સ્ટોકની વાત નહીં કરું.

**(૩) પીટીસી :** સ્ટોક ઓલ ટાઈમ હાઈ બતાવીને ૧૨૭-૧૨૮ ઉપર બંધ બતાવ્યું છે. જો કે તે પાંચ દિવસથી સતત ઉંચું હાઈ બનાવી રહ્યું છે. એટલે કદાચ તે બહુ શોર્ટ ટર્મ કરેકશાન બતાવે જે આપણા માટે ઓપર્ચ્યુનિટી અને સારી તક રહેશે.

**અનુસંધાન પા.નં.૬ ઉપર**

**પર્લ પોલીમર્સ લિમિટેડ, બીએસઈ કોડ ૫૨૩૨૬૦, હાલનો ભાવ રૂ.૨૪.૧૦**

**ફૂડ ગ્રેડ અને રિસાયક્લેબલ પોલીમર પેટ બોટલ્સ, કંટેઈનર્સ, જાર વગેરેના ઉત્પાદન ક્ષેત્રે ધોમ ધખતો સૂર્ય**

જાહેરાત

**આઈએસઓ ૯૦૦૧ પ્રમાણિત ઉત્પાદન એકમો ધરાવતી, અનેક પ્રતિષ્ઠિત કંપનીઓને પોતાનાં ઉત્પાદનો પુરાં પાડતી ભારતની અગ્રણી કંપની**

# ઉર્ધ્વગતિ ચાલુ રહી

**તા. ૧૦.૦૯.૨૦૧૦**

**રાઈઝીંગ ચેનલ બ્રેકઆઉટ**

બજાર જયારે સેન્સેક્ષમાં ૧૮૫૦૦ અને નિફ્ટીમાં ૫૫૫૫ની નિર્ણાયક સપાટીએ બંધ આવવા માટે સક્ષમ થયું ત્યારે બજારે બીજી ઉર્ધ્વગતિ દાખવી. આ સપાટી બજાર માટે ગયા વર્ષની રાઈજીંગ ચેનલ ટોપની સપાટી હતી. પરિણામસ્વરૂપ રાઈઝીંગ ચેનલ

લાયન રો'ર

લાયન

roar_lion@yahoo.com

બ્રેકઆઉટ, અને તેથી હવે સેન્સેક્ષ અને નિફ્ટીનો મધ્યમ ગાળા માટેનો લક્ષાંક અનુક્રમે ૨૦૬૨૭ અને ૬૧૮૦. ટૂંકા ગાળાના દ્રષ્ટિકોણથી જોઈએ તો, આ બંને ઈન્ડેક્ષો બ્રોડઢનીંગ પેટર્ન ઉપર બંધ આવવા સક્ષમ બન્યા અને આ પેટર્ન ફોર્મેશન મુજબનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૯૨૮૩ અને નિફ્ટીમાં ૫૭૯૦ની સપાટીએ છે.

**૫૩૪૯ - મહત્વનો ટેકો**

બે સપ્તાહ પહેલાં બંને ઈન્ડેક્ષોએ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૪૭૯ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૬૪૦ ઉપર બંધ આપ્યો. નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૧૬૧ સામાન્ય પોઈન્ટની વૃધ્ધિ સાથે સાપ્તાહિક બંધ આપ્યો.

સાપ્તાહિક ચાર્ટ પર સેન્સેક્ષ અને નિફ્ટીએ બંનેએ સફેદ બોડીની મુરુબુઝોની રચના કરેલ છે, આ તેજીમય કેન્ડલસ્ટીક પેટર્ન છે અને તેની તેજીમય અસરો આવનાર સપ્તાહમાંજોવા મળશે. શુક્રવારે, દૈનિક ચાર્ટ મુજબ બંને ઈન્ડેક્ષોએ ઓપનીંગ સફેદ બોડીની મુરૂબુઝોની રચના કરેલ છે, આ પણ મજબૂત તેજીમય રચના છે.

ગત ઓકટોબર માસથી બજાર રાઈજીંગ ચેનલમાં ગતિ કરી રહેલ છે અને આ ચેનલોનો ટોપ બજારને મજબુત પ્રતિકારક સપાટી અર્પી રહેલ છે અને તેથી સપ્લાય ટ્રેન્ડલાઈન ટોપ સેન્સેક્ષમાં ૧૮૫૦૦ અને નિફ્ટીમાં ૫૫૫૫ ઉપર આવે છે. બંને ઈન્ડેક્ષોએ તેમના ઉપર જણાવેલ ટ્રેન્ડલાઈન ટોપ ઉપર બંધ આપેલ છે અને તેથી તેજીમય બ્રેકઆઉટ જોવા મળેલ છે. **સેન્સેક્ષ અને નિફ્ટી માટેનો મધ્યમ ગાળાનો લક્ષાંક** બોટમ્સ નોંધાવેલ છે. સેનસેક્ષે ૧૭૮૧૯-૧૭૩૭૩ની સપાટીએ ને નિફ્ટીએ ૫૩૪૮-૫૨૧૦ની સપાટીએ હાયર બોટમ બનાવેલ છે. જો આ બંને ઈન્ડેક્ષો તેમની હાયર બોટમ (સેન્સેક્ષ ૧૭૮૧૯ અને નિફ્ટી ૫૩૪૮) નીચે બંધ આપે તો જ આ ઉર્ધ્વમુખી રૂખ ભયમાં આવે. આવી બાબતમાં નિમ્ન તરફી રૂખ શરુ થાય અને તે પછી બજાર પછીની મોટી ઉંચી તળિયાની સપાટી

> **સેન્સેક્ષ અને નિફ્ટી માટેનો મધ્યમ ગાળાનો લક્ષાંક અનુક્રમે ૨૦૬૨૭ અને નિફ્ટી માટે ૬૧૮૦ છે.**

તરફ સરકે જે સેન્સેક્ષમાં ૧૭૩૭૩ અને નિફ્ટીમાં ૫૨૧૦ છે. **જયાં સુધી સેન્સેક્ષ અને નિફ્ટી અનુક્રમે ૧૭૩૭૩ અને ૫૨૧૦ ની સપાટી જાળવી રાખે ત્યાં સુધી મધ્યમ ગાળા માટે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.**

મુવીંગ એવરેજના મોરચે નજર કરીએ તો, બંને ઈન્ડેક્ષોએ તેમના ૨૦ ડી એમ એ (સેન્સેક્ષમાં ૧૮૨૯૨ અને નિફ્ટીમાં ૫૪૯૫) અને ૫૦ ડી એમ એ (સેન્સેક્ષમાં ૧૮૦૮૭ અને નિફ્ટીમાં ૫૪૩૧) ઉપર બંધ આપેલ છે અને તેથી મધ્યમ ગાળાની તેમ જ ટૂંકા ગાળાની રૂખ હકારાત્મક છે.

મોટા ભાગના સંકેતકો મજબૂતાઈ અને 'બાય મોડ' દર્શાવી રહેલ છે. એમ એ સી ડી અને આર ઓ સી એ પણ ખરીદીના સંકેત આપેલ છે અને

> **જયાં સુધી સેન્સેક્ષ અને નિફ્ટી અનુક્રમે ૧૭૩૭૩ અને ૫૨૧૦ ની સપાટી જાળવી રાખે ત્યાં સુધી મધ્યમ ગાળા માટે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.**

હકારાત્મક ટેરીટરીમાં છે. આર એસ આઈ ૬૮ ની સપાટીએ છે અને બીજી ગતિ દશાવી રહેલ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટર ઓવરબોટ ટેરીટરીમાં છે. એડીએક્ષમાં પણ વૃધ્ધિ થયેલ છે અને હાલમાં તે ૨૪ છે. જે દર્શાવે છે કે હાલની રૂખ મજબૂતાઈ ધરાવી રહી છે. દીશાસૂચક સૂચકાંકો પણ 'બાય મોડ' દર્શાવી રહેલ છે. એમ એફ આઈ પણ 'બાય મોડ'માં છે અને તે મુજબ ઓબીવી પણ 'બાય મોડ'માં છે.

ઓપીઆર અત્યાધિક આશાવાદી ક્ષેત્રમાં એટલે કે ૧.૮૩ માં પ્રવેશ કરી રહેલ છે. ૫૪૦૦ના સ્ટ્રાઈક ભાવે ઉચ્ચતમ પુટ રાઈટીંગ તેમ જ ૫૭૦૦ ના સ્ટ્રાઈક ભાવે ઉચ્ચતમ કોલ રાઈટીંગ જોવા મળેલ છે જે દર્શાવે છે કે નિફ્ટી ૫૭૦૦ થી ૫૪૦૦ ની રેન્જમાં રહી શકે. ૫૫૦૦ની સપાટીએ ઓપન ઈન્ટરેસ્ટમાં સારો એવો વધારો દશાવે છે કે આ સપાટી ટૂંકા ગાળાની ટેકાની સપાટી હોઈ શકે.

સેન્સેક્ષનો મજબૂત ટ્રેન્ડલાઈન સપોર્ટ ૧૮૫૫૦ છે. સેન્સેક્ષનો ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ ૧૯૦૧૦ છે

નિફ્ટીનો મજબૂત ટ્રેન્ડલાઈન સપોર્ટ ૫૫૭૧ છે. સેન્સેક્ષનો ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ ૫૭૩૬ છે.

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5524 | 5567 | 5604 | 5640 | 5683 | 5736 | 5790 |
| Sensex | 18383 | 18540 | 18671 | 18799 | 18930 | 19127 | 19332 |

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**ગત સપ્તાહે આપણા બધા જ શેરોએ સહેલાઈથી તેમના લક્ષાંક સાધ્ય કરેલ હતા આ સપ્તાહના સ્ટાર પર્ફોમર હતા એમ આર એફ અને બજાજ ઓટો કે જેઓએ નીચેના પ્રત્રકમાં દર્શાવ્યા મુજબ દેખાવ કર્યો હતો.**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Buy BajAuto | 2871 | 2952 | 3070 | 125 | Rs.24,875 |
| Buy LMW | 2338 | 2462 | 2520 | 100 | Rs.18,200 |
| Buy MRF | 8661 | 9189 | 9420 | 50 | Rs.37,950 |
| Buy Bosch | 6299 | 6435 | 6508 | 125 | Rs.26,125 |
| Buy Thermax | 784 | 806 | 812 | 300 | Rs.8,400 |
| | | | | Total | Rs.1,15,550 |

### આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | RECO. PRICE | | TARGET | REACHED |
|---|---|---|---|---|
| BUY JAINIRRIG | 1244 | 1234 | 1263 | 1282 |
| BUY OBC | 455 | 449 | 464 | 474 |
| BUY ABNUVO | 871 | 862 | 887 | 906 |
| BUY UNIONBNK | 355 | 350 | 364 | 373 |
| BUY IDFC | 189 | 187 | 195 | 202 |

'હેમર' ની રચના કરી હતી, જે એક બુલીશ રિવર્સલ કેન્ડલ પેટર્ન છે. પરિણામસ્વરૂપ, આ પછી બજારે તેજીમયતા દશાવી અને રાઈઝીંગ ચેનલ ઉપર બંધ ાણ આપ્યો. આ રીતે જોતાં સેન્સેક્ષ અને નિફ્ટી માટેનું રિવર્સલ લેવલ અનુક્રમે ૧૭૮૧૯ અને નિફ્ટી માટે ૫૩૪૯ ખૂબ જ મહત્વ ધરાવે છે. જયાં સુધી સેન્સેક્ષ માટે ૧૭૮૧૭ અને નિફ્ટી માટે ૫૩૪૯ની સપાટી જળવાઈળ રહેશે, આ ઉર્ધ્વગતિ ચાલુ જ રહેનાર છે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૮૧૨૪ પોઈન્ટથી થઈ, ૧૮૮૨૩ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૮૧૨૪ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૮૭૯૯ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૫૭૮ પોઈન્ટની ભારે વૃધ્ધિ દર્શાવી.

આ જ રીતે નિફ્ટીએ પણ શરૂઆત ૫૪૭૯ પોઈન્ટથી કરી, ૫૬૪૭ **અનુક્રમે ૨૦૬૨૭ અને નિફ્ટી માટે ૬૧૮૦ છે.**

ઉપર જણાવેલ પેટર્નની રચના થોડા લાંબા સમયથી મગજમાં રહેલ છે. પરંતુ જો આપણે ટૂંકા સગાળાની .ાટનેમિક પેટર્નની રચના વિષે વિચાર કરીએ તો સેન્સેક્ષ અને નિફ્ટી બંને માટે બ્રોડેનીંગ ફોર્મેશન જોવા મળશે. જયારથી સેન્સેક્ષ અને નિફ્ટી બ્રોડેનીંગ ફોર્મેશનની રાઈઝીંગ ટ્રેન્ડલાઈન (સેન્સેક્ષ ૧૮૬૭૨ અને નિફ્ટી ૫૫૭૮) ઉપર બંધ આવેલ છે, ત્યારથી બ્રોડેનીંગ પેટર્ન બ્રેકઆઉટ જોવા મળેલ છે. આ બ્રોડેનીંગ પેટર્ન બ્રેકઆઉટ માટેનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૯૨૮૩ અને નિફ્ટીમાં ૫૭૯૦ છે.

હાલની ઉર્ધ્વગતિમાં બંને ઈન્ડેક્ષો, સેન્સેક્ષ ૧૭૮૧૯ અને નિફ્ટી ૫૩૪૮ની સપાટીએથી રિબાઉન્ડ થયેલ છે અને આ પ્રક્રિયા દરમ્યાન હાયર

### આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો

Buy Jain Irrigation 1244 SL 1234 Tgt 1263-1282



Buy OBC 455 SL449 Tgt 464-474



# આ સપ્તાહે નાણાકીય તેમ જ પર્સનલ કેર સ્ટોક સારો જયોતિષિય સહયોગ મેળવશે

**તા.૧૩ સપ્ટેમ્બર થી ૧૭ સપ્ટેમ્બર , ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા વૃશ્ચિક અને

એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ



સતિષ ગુપ્તા

મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬

૦૯૮૧૦૦૧૮૪૩૮

http://www.astrostocktips.in

E-mail : astrostocktips@rediffmail.com

ધન રાશીમાં, સૂર્ય અને બુધ સિંહ રાશીમાં, કેતુ મિથુનમાં, 'પરિભ્રમણ કરશે. શુક્ર અને મંગળ તુલામાં, શનિ કન્યા રાશીમાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. ગુરુ અને યુરેનસ મીન રાશીમાં રહેશે.

આ સપ્તાહે બેંકીંગ / ફાઈનાન્સિઅલ શેરો ખુબ સારો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે તેથી આંધ્ર બેંક, કેનેરા બેંક, ઓ બી સી ફેડરલ બેંક, એસ બી આઈ, આઈ સી આઈ સી આઈ વગેરે પર ધ્યાન રાખો.

**પ્લાસ્ટિક ક્ષેત્ર :** આ ક્ષેત્ર સારો એસ્ટ્રોલોજીકલ સહયોગ મેળવી રહેલ છે તેથી સિન્ટેક્ષ, વી આઈ પી ઈન્ડ, નિલકમલ પ્લાસ્ટિકસ અને સુપ્રિમ ઈન્ડ. વગેરે સેગમેન્ટ પર ખાસ ધ્યાન રાખો.

**ઓઈલ અને ગેસ ક્ષેત્ર :** આ ક્ષેત્ર પણ ગ્રહોનો ટેકો મેળવી રહેલ છે તેથી ગુજરાત ગેસ, એચ પી સી એલ, ઓઈલ ઈન્ડિયા વગેરે શેર પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું.

**ઓટો ક્ષેત્ર :** આ ક્ષેત્રમાં એલસીવી / એચ સીવી અને દ્વિ ચક્રી તેમ જ ચાર ચક્રિય વાહનોના શેરના ટ્રેડીંગથી દૂર રહો.

**પર્સનલ કેર સેકટર** આ ક્ષેત્રએ પણ એસ્ટ્રોલોજીકલ સહયોગ મેળવવાનું ચાલુ જ રાખેલ છે.ગોદરેજ કન્ઝયુમર્સ, ડાબર, ગોદરેજ ઈન્ડ. હિન્દ યુનિલીવર, પ્રોકટર અને ગેમ્બલર, કોલેગેટ અને ગીલેટી આ સપ્તાહે સારો દેખાવ કરશે.

ગ્રહોમાં બદલાવને કારણે **લેધર સ્ટોક** જેવા કે બાટા, ભારતીય ઈન્ટરનેશનલ અને ક્રુ બોસ જેવા શેરની માંગ સારી રહેશે અને આવનાર થોડા દિવસોમાં તે ખૂબ સારો દેખાવ કરશે.

**ગત સપ્તાહની આગાહી :**

ટ્રેડ કરવા માટે એ સારુ સત્પાહ હતું, નિફ્ટીમાં ૨.૫ટકા જેટલી વૃધ્ધિ જોવા મળી. અમારી આગાહી મુજબ, ઓટો સ્ટકમાં સારી માંગ રહી અને ખાસ કરીને દ્વિ ચક્રીય વાહનો, બજાજ ઓટો ૧૧ ટકા, સ્કૂટર્સ ઈન્ડિયા ૧૨ કા અને કાઈનેટિક મોટર્સ ૩૦ ટકા જેટલા ઉંચે ગયા. મારુતિ અને એમ એન્ડ એમ ૫ ટકા જેટલા ઉંચે ગયા. ચર્મ ક્ષેત્રમાં પણ ક્રુ બોસ અને મયુર લેધરે ૨૬ થી ૩૨ ટકા વૃધ્ધિ દર્શાવી. પર્સતલ કેરમાં પણ ગોદરેજ ઈન્ડ સ્ટાર પર્ફોમર રહ્યો અને તેણે સપ્તાહ દરમ્યાન ૨૧ ટકા વૃધ્ધિ દર્શાવી.

**સફળ આગાહી (૨૧ ઓગષ્ટ ૨૦૧૦) :** ભગવાન ગણેશની કૃપાથી ૨૧ ઓગષ્ટના રોજ અમોએ વિવિધ વેબસાઈટ તેમ જ 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન'ની વેબસાઈટ તેમ જ અંકમાં કરેલ આગાહી કરેલ કે 'આવનાર સપ્તાહે ઓઈલ અનેગેસ, એવીએશન અને ઘડિયાળ' ક્ષેત્ર સારો દેખાવ કરશો. અમારી આગાહી મુજબ ઓઈલ અને ગેસ સેકટરે સારો દેખાવ કરેલ છે અને બીપીસીએલ ૧૮ ટકા, એચપીસીએલ ૮ ટકા અને આઈ ઓ સી ૭ ટકા ઉપર ગયેલ છે. આ ક્ષેત્રો માટે એસ્ટ્રોલોજીકલ સપોર્ટ એટલો મજબુત હતો કે ૨૭ મી ઓગષ્ટ, ૨૦૧૦ ના રોજ જયારે નિફ્ટી ૬૯ પોઈન્ટ નીચે હતો ત્યારે આ સેકટરના બધા જ શેર જેવા કે બીપીસીએલ, એચ પી સી એલ, આઈ ઓ સી, સગેઈલ, ઓઈલ ઈન્ડિયા અને ઓ એન જી સી વગેરે ગ્રીનમાં બંધ આવેલ હતા. એવીએશન ક્ષેત્રમાં જાગસન એરલાઈન્સ ૪૪ ટકા જેટલો ઉંચે ગયેલ તેમ જ બીજા શેરોએ પણ આ સપ્તાહ દરમ્યાન સારી સ્યાઈ દર્શાવી હતી. ઘડિયાળના ક્ષેત્રમાં ટાઈટન અને ટાઈમેક્ષ પણ ૬ થી ૨.૯ ટકા જેટલા ઉપર ગયા હતા.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# બજારો એડવાન્સ ટેક્ષના આંકડા સારા આવવાની ધારણાએ મક્કમ

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૮૭૯૯.૪૩) અને નિફ્ટી (૫૬૪૦.૦૫) બંન્ને ૩.૦૨ ટકા અને

બુલેટ



નરેન્દ્ર નયનાની

મો. ૯૮૯૮૧૬૨૭૭૦

nainaninarendra@Hotmail.com

Yahoo Messanger Id-narendranainani

www.narendranainani.blogspot.com

૨.૦૯ ટકા વધીને બંધ આવ્યા હતા. નિફ્ટી ફયુચર સપ્ટેમ્બર ૮.૨૦ પોઈન્ટના ડીસ્કાઉન્ટમાં હતો. નિફ્ટી સપ્ટેમ્બર ૫૬૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૮૪૩૦ **તથા રેજીસ્ટન્સ** ૧૯૨૦૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૫૩૦ અને **રેજીસ્ટન્સ** ૫૭૬૦ નો છે.

આરબીઆઈ ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૦ના રોજ મોનેટરી રિવ્યુની મિટીંગ માટે મળશે. કોલ ઈન્ડિયા ઓક્ટોબરમાં ૩ બિલીયન ડોલરનો આઈપીઓ લાવશે.

એસબીઆઈ અને ટાટા સ્ટીલ ના ઓપન ઈન્ટરેસ્ટમાં સપ્ટેમ્બર સિરીઝમાં રસ જોવાયો હતો. આઈડીબીઆઈ ના સપ્ટેમ્બર ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૪૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. એસબીઆઈ માં કોલ ઓપ્શનમાં સપ્ટેમ્બર માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૩૦૦૦ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. આઈડીબીઆઈ (૧૩૯.૭૫)** લોટ સાઈઝ ૨૦૦૦ શેર

● સપ્ટેમ્બર માસના સ્ટ્રાઈક ભાવ ૧૫૦ થી ૪.૮૫ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● સપ્ટેમ્બર માસના ૧૫૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૧.૭૫ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૪.૮૫ ★ ૨૦૦૦ = ૯૭૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૧.૭૫ ★ ૨૦૦૦ = ૩૫૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૯૭૦૦.૦૦ - ૩૫૦૦.૦૦ = ૬૨૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૫૦ - ૧૪૦ = ૧૦ ★ ૨૦૦૦ = ૨૦૦૦૦ - ૬૨૦૦ = ૧૩૮૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૬૨૦૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૧૪૩.૧૦

**૨. બેંક ઓફ ઈન્ડિયા (૪૯૧.૯૦) :** સપ્ટેમ્બર માસ ફયુચર લોટ સાઈઝ ૧૦૦૦ શેર

● રૂ. ૪૯૧.૯૦ ના ભાવથી સપ્ટેમ્બર માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન** : સપ્ટેમ્બર માસ સ્ટ્રાઈક ભાવ ૫૦૦ થી રૂ. ૧૩.૦૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૧૩.૦૦ ★૧૦૦૦ = ૧૩૦૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૫૦૦ - ૪૯૧.૯૦ = ૮.૧૦ ★ ૧૦૦૦ = ૮૧૦૦ + ૧૩૦૦૦.૦૦ = ૨૧૧૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. ઓરિએન્ટ બેંક** (૪૫૫.૪૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. એસબીઆઈ** (૨૯૮૪.૦૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# ન્યુઝ ટ્રેક

**★ લઘુ ઉધોગ ક્ષેત્રની પ્રતિભા સંપન્ન કામગીરીની કદર તરીકે રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત**

**★ લઘુ ઉધોગ સાહસિકો માટે રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે પુરસ્કાર પ્રાપ્ત કરવાની ઘટના જીવન પર્યતનું સંભારણું બની રહેશે - દિનશા પટેલ**

**★ દિનશા પટેલની રાહબરી હેઠળ એમ.એસ. આઈ.એમ.ઈ. મંત્રાલયની નેત્ર દિપક પ્રગતિ**

## ચૂંટણી કાર્યક્રમ

રાજયની છ મહાનગર પાલિકાઓના ૧. અમદાવાદ વોર્ડ નં. ૧ થી ૬૪ (૨) સુરત વોર્ડ નં. ૧ થી ૧૯ (૩) વડોદરા વોર્ડ નં. ૧ થી ૨૫ (૪) રાજકોટ વોર્ડ નં. ૧ થી ૨૩ (૫) જામનગર વોર્ડ નં. ૧ થી ૧૯ અને (૬) ભાવનગર વોર્ડ નં. ૧ થી ૧૭ ની બેઠકની સામાન્ય ચૂંટણી તા. ૧૦-૧૦-૨૦૧૦ના રોજ યોજવા રાજય ચૂંટણી પંચે આજ રોજ ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે.

**ચૂંટણી કાર્યક્રમ**

| વિગત | કાર્યક્રમ |
|---|---|
| ચૂંટણીની નોટીસ જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૨૦-૯-૨૦૧૦ |
| ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૨૦-૯-૨૦૧૦ |
| ઉમેદવારી પત્રો સ્વીકારવીની છેલ્લી તારીખ | ૨૫-૯-૨૦૧૦ |
| ઉમેદવારી પત્રોની ચકાસણી કરવાની છેલ્લી તારીખ | ૨૭-૯-૨૦૧૦ |
| ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૨૮-૯-૨૦૧૦ |
| મતદાનની તારીખ અને સમય | ૧૦-૧૦-૨૦૧૦ |
| જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૧૦-૧૦-૧૦ (સવારના ૮ થી ૧૦) |
| મતગણતરીની તારીખ | ૧૧-૧૦-૨૦૧૦ |
| ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની તારીખ | ૧૬-૧૦-૨૦૧૦ |

# વેગા રજૂ કરે છે નવા આકર્ષક હેર બ્રશ



ભારતની પ્રખ્યાત સૌંદર્ય પ્રસાધનો બનાવનારી કંપની વેગાએ સ્ત્રી અને પુરુષ બંને માટે આકર્ષક, સ્ટાઈલિશ અને ઉપયોગી હેર બ્રશની નવીન શ્રેણી રજૂ કરી છે. આ બ્રેશ વાળના ગ્રુમિંગ, સ્ટ્રેમિંગ અને સ્મૂથનિંગ માટે શ્રેષ્ઠ છે. આમાં ફ્લેટ, રાઉન્ડ અને કુશન બ્રશ છે, જે તમારા વાળને આખો દિવસ સરખા અને બરાબર સ્ટાઈલમાં રાખે છે. આ બ્રશમાં નાયલોન બ્રિસલ છે જે વાળમાં અંદર સુધી જઈ વાળને મસાજ કરે છે. આના ઉપયોગથી વાળમાં ગૂંચ અટકે છે. તથા વાળ જાડા અને ભરાવદાર લાગે છે. વેગાના નવા બ્રશની કિંમત રૂા. ૧૪૦ થી ૧૮૦ થી અને બધા જ પ્રખ્યાત સ્ટોર્સમાં ઉપલબ્ધ છે.

# સુધરતું જતું ભારતીય અર્થતંત્ર અને વધતોજતો રોકાણકારોનો વિકાસ ભારતીય શેરબજારોમાં લાંબાગાળાની તેજીનો મજબૂત પાયો

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**એપટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૫૩**

ઉપર જણાવ્યા મુજબ છેલ્લા ૪૦ દિવસથી લગભગ ચારેબાજુ લોકોના

## સર્કિટ ૨ સર્કિટ (અપર)



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**એપટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૫૩**

જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝુનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીના શેરમાં છેલ્લા ૧૫ દિવસથી ખૂબ જ સારું વોલ્યુમ જોવા મળી રહેલ છે. અને આવનાર દિવસોમાં કંપની તરફથી સુંદર જાહેરાત થાય તેવું જાણકાર વર્તુળો દ્વારા જાણવા મળેલ છે, તો આ કંપનીમાં હાલના ભાવે મધ્યમથી લાંબા ગાળાનું રોકાણ સારું વળતર

તાજેતરમાં પીએસયુ ઓઈલ માર્કેટીંગ કંપની જેવી કે એચ પી સી એલ, બીપીસીએલ અને આઈઓસીમાં જે તેજીનો ચળવળાય જોવાયો, તેની જરા પણ અસર આ કંપની ઉપર થઈ નથી. પરંતુ હાલ જે રીતે ક્રુડ ઓઈલના ભાવ ઘટી રહેલ છે, તેના લીધે આવનાર દિવસોમાં આ કંપનની નફા શક્તિ જરૂર વધશે અને તેની અસર કંપનીના શેરના ભાવો પર જોવા મળશે. આ કંપનીમાં શાણા રોકાણકારે આંખો મીચીને રોકાણ કરવું હિતાવહ રહેશે.

**મોઝરબેર.**
**બી એસ ઈ કોડ ૫૧૭૧૪૦**
**હાલનો ભાવ રૂ. ૬૭**

ડીઝીટલ સીડીના વ્યવસાય સાથે

## આવતા સપ્તાહમાં પર્યુષણ પછી બજારમાં બીગબુલની એન્ટ્રી અને રોકડાના શેરોમાં આગ ભભૂકતી તેજી

મનમાં એક જ પ્રશ્ન કે ૧૮૦૦૦ ના ઈન્ડેક્ષે પહોંચેલ ભારતીય શેર બજાર અચાનક કડડભૂસ તો નહીં થઈ જાય ને ? લોકો રાહ જોતા હતા કે બજાર નીચું આવે અને આપણે રોકાણ કરીએ, પરંતુ લાંબા ગાળાના અને સારા રોકાણકારોની સતત વધતી જતી લેવાલીએ બજારને સતત તેજી તરફી આગળ વધારી અને સપ્તાહના અંતે મુંબઈ શેર બજાર આંક લગભગ ૫૦૦ પોઈન્ટના વધારા સાથે ૧૮૭૯૯ બંધ આવેલ છે.

આવતા સપ્તાહમાં ઘણા લાંબા સમયથી ચાલતા મુસ્લીમ રમઝાન માસની સમાપ્તી તેમ જ બજારમાં જેની સૌથી વધારે સંખ્યા છે તેવા ઓપરેટર તેમ જ રોકાણકારો એટલે કે જૈન સમુદાયનાં પર્યુષણ પણ સમાપ્ત થઈ ગયાં હશે. તેના લીધે આવતા સપ્તાહથી રોકડાના સારા શેરોમાં ઓપરેટર બેઈઝ તેજીનું તોફાન શરુ થશે.

આપી શકે તેમ છે.

**ક્રેઈન ઈન્ડિયા લી.**
**બીએસઈ કોડ ૫૩૨૭૯૨**
**હાલનો ભાવ રૂ.૩૨૭**

ક્રેઈન એનર્જી યુકેની ભારતની સબસિડીયરી ક્રેઈન ઈન્ડીયામાં રહેલો ક્રેઈન એનર્જીનો હિસ્સો સ્ટર લાઈટ ઈન્ડ.એ ખરીદી લીધો. તદ્ઉપરાંત હજુ પણ થોડો બાકી રહેલો હિસ્સો ઓ એન જી સી ખરીદવા માટે તૈયાર થઈ ગઈ છે. આમ કંપનીની મિલકતો તેમ જ ભંડોળ જોતાં આ કંપનીમાં ખૂબ જ ઝડપથી રૂ. ૫૦ થી ૧૦૦ નો ઉછાળો જોવા મળે તો મધ્યમ તેમ જ લાંબા ગાળા માટે રોકાણ કરવા વિચારી શકાય.

**એસ્સાર ઓઈલ લી.**
**બીએસઈ કોડ ૫૦૦૧૩૪**
**હાલનો ભાવ રૂ.૧૨૮**

એસ્સાર ગ્રુપની ખૂબ જ જાણીતી આ કંપની ઓઈલ માર્કેટીંગના વ્યવસાય સાથે સંકળાયેલ છે. આ કંપની સંકળાયેલ તેમ જ તાજેતરમાં સોલાર એનર્જીના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીના શેરમાં આવનાર દિવસોમાં ખૂબ જ મોટી તેજી થાય તેમ જણાઈ રહેલ છે કંપની ઘણા સમય પછી ખોટમાંથી બહાર આવી નફો કરતી થઈ છે. તો આ શેરમાં હાલના ભાવે કરેલ રોકાણ લાંબા ગાળે સારું વળતર આપી શકે તેમ છે.

**પોચી રાજુ લી**
**બીએસઈ કોડ ૫૩૨૮૦૩**
**હાલનો ભાવ રૂ.૨૪.૦૦**

ફૂલોના નિકાસના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર આવનાર દિવસોમાં સારી તેજી કરે તેવા સંકેત મળી રહેલ છે. કંપની તેનું એગ્રો ડીવીઝન અલગ કરી રહેલ છે. તો તેની સીધી અસર કંપનીના ભાવ પર જોવા મળશે, તો તેમાં ડીલીવરીબેઈઝ રોકાણ કરવું ઉત્તમ રહેશે.

## સાંવત્સરિક ક્ષમાપના

આજના સંવત્સરિ પ્રતિક્રમણ દરમ્યાન ક્ષમાપના દિવસે હું આપ સર્વેને અરિહંત પરમાત્માની સાક્ષીએ ખમાવું છું. જાણતાં અજાણતાં મારાથી આપ કોઈને પણ દિલ દુભવ્યું હોય. કડવા-કઠોર વચનો ભૂલેચૂકે પણ કહેવાયા હોય કે કોઈપણ જાતનો અપકાર થયેલ હોય તે સૌને મારા સર્વ અપરાધોને મારી ઉપર દયા કરી ક્ષમા કરવા આગ્રહ ભરી વિનંતી.

મિત્ર કે અમિત્ર, સ્વજન કે શત્રુ- સૌ કોઈ મારા સઘળા દોષોને ક્ષમ્ય ગણશો. હું સર્વની સાથે સમભાવવાળો છું. આજથી મારે કોઈ શત્રુ-મિત્ર કે સ્વજન-પરજન નથી. સર્વે મારા મને એક સમાન છે.

**સમગ્ર વર્ષ દરમ્યાન** tips **આપવામાં કે કોઈ કંપની વિશેના લખાણ બદલ ભૂલેચૂકેય કોઈની લાગણીને જાણતા અજાણતા ઠેસ પહોંચી હોય તો મન, વચન અને કર્મથી આપ સૌની ક્ષમા ચાહતો.**

**હંમેશા આપનો**
**અશ્વિન શાહ**
**(કે.પી.કમાલ)**

**ઈતિ શ્રી ''મિચ્છામી દુક્કડમ્''**

**એપટેકના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા સંતાનોને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ અપાવો**



## ( દીપનું દર્પણ ) - દીપેશ ગોહીલ

મો. ૯૭૨૭૯૯૦૯૮૦ veenmoney@gmail.com

| | |
|---|---|
| NAME | : NIFTY |
| BUY ABOVE | : 5631 |
| RES-1 | : 5650 |
| RES-2 | : 5670 |
| RES-3 | : 5711 |
| SELL BELOW | : 5631 |
| SUP-1 | : 5600 |
| SUP-2 | : 5554 |
| SUP-3 | : 5380 |




| | |
|---|---|
| NAME | : DLF |
| BUY ABOVE | : 322 |
| RES-1 | : 328 |
| RES-2 | : 331 |
| RES-3 | : 334 |
| SELL BELOW | : 322 |
| SUP-1 | : 318 |
| SUP-2 | : 313 |
| SUP-3 | : 308 |




| | |
|---|---|
| NAME | : BANK NIFTY |
| BUY ABOVE | : 11388 |
| RES-1 | : 11410 |
| RES-2 | : 11480 |
| RES-3 | : 11530 |
| SELL BELOW | : 11388 |
| SUP-1 | : 11300 |
| SUP-2 | : 11220 |
| SUP-3 | : 11000 |




| | |
|---|---|
| NAME | : AMBUJA CEM |
| BUY ABOVE | : 136 |
| RES-1 | : 138 |
| RES-2 | : 142 |
| RES-3 | : 145 |
| SELL BELOW | : 136 |
| SUP-1 | : 133 |
| SUP-2 | : 129 |
| SUP-3 | : 126 |



| | |
|---|---|
| NAME | : ICICI BANK |
| BUY ABOVE | : 1050 |
| RES-1 | : 1055 |
| RES-2 | : 1060 |
| RES-3 | : 1063 |
| SELL BELOW | : 1050 |
| SUP-1 | : 1041 |
| SUP-2 | : 1030 |
| SUP-3 | : 1024 |




| | |
|---|---|
| NAME | : MARUTI |
| BUY ABOVE | : 1314 |
| RES-1 | : 1328 |
| RES-2 | : 1346 |
| RES-3 | : 1359 |
| SELL BELOW | : 1314 |
| SUP-1 | : 1304 |
| SUP-2 | : 1280 |
| SUP-3 | : 1275 |




### OUR PERFORMANCE

| STOCKS | REC. PRICE | HIGH/LOW | TARGET |
|---|---|---|---|
| NIFTY | 5484 | 5711 | 3 TAR. ACHVD. |
| BANK NIFTY | 10977 | 11409 | 3 TAR. ACHVD. |
| GSPL | 118 | 124 | 1 TAR. ACHVD. |
| PFC | 345 | 355 | 3 TAR. ACHVD. |
| TCS | 837 | 882 | 3 TAR. ACHVD. |
| DIVISLAB | 756 | 744 | 3 TAR. ACHVD. |

### ATTENTION

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra JoshiEditor,
The Economic Revolution.

## સિંહ રાશીવાળા માટે લાભકારી સપ્તાહ

સન ૨૦૧૦ ના સપ્ટેમ્બર માસનું ત્રીજા સપ્તાહનું પ્રતિનિધિત્વ શુક્ર ગ્રહ કરે છે. જો કે શુક્ર મંગળની સાથે સ્વરાશી તુલામાં યુતિ કરી રહ્યો છે. સૂર્ય અને

### એસ્ટ્રોમની ગુરૂ



**કર્નલ અજય**
**મો. 09414056705**
www.astromoneyguru.com

બુધની યુતિ સિંહ રાશીમાં છે. ગુરુ અને શનિનો સમસપ્તક યોગ પણ બને છે. શુક્ર અને ગુરુ એક બીજાથી ૬ અને ૮ માં સ્થાન પર છે. આ બધા ગ્રહ સંયોગ ભારતીય શેર બજારમાં મિશ્રિત રુખની સંભાવના વ્યક્ત કરે છે.

અમાર પાછલા લેખમાં અમે મેટલ શેરોમાં મજબૂતીની આગાહી કરી હતી જે ગત સપ્તાહે ટાટા સ્ટીલના શેરમાં લગભગ ૧૦ ટકા, સ્ટર લાઈટમાં ૫ ટકા વધ્યા હતા. પાછલા સપ્તાહે ગવાર સીડમાં અને ક્રૂડમાં નરમાઈના પણ સંકેત આપ્યા હતા. આશા છે કે વાંચકોએ આનો લાભ ઉઠાવ્યો હશે.

આ સપ્તાહે શેર બજારમાં અતિરિક્ત સાવધાની રાખવી પડશે. સેક્ટર અને શેરોમાં ધ્યાન રાખી રોકાણ કરવું હિતાવહ રહેશે. મધ્યમગાળા માટે બીએએસએફ, કેએસકે એનર્જી, બેંક ઓઈ ઈન્ડિયા પર ધ્યાન કરવું.

આ સપ્તાહે સિંહ રાખીવાળાઓ શેર બજાર અને કોમોડીટી બજારમાં લાભ પ્રાપ્ત કરી શકે છે. સિંહ રાશીમાં ૯મા સ્થાન પર સૂર્ય અને ત્રીજા સ્થાને મંગળ હશે. અને મંગળ સિંહ રાશી વાળા માટે શુભ ફળ આપનારું થઈ શકે છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

# ૫૬૫૭ ઉપર ૫૬૮૬, ૫૭૧૫, ૫૭૪૦..... ૫૫૦૪ નીચે ૫૪૭૦, ૫૪૫૦, ૫૪૨૩

ગયા સપ્તાહે ખૂબ જ સ્પષ્ટ અને ચોખ્ખું ચટ જણાવેલ કે, ૫૫૧૩ ઉપર ૫૫૪૯-૫૫૭૮-૫૬૧૨ જોવા મળે. બરાબર તે જ પ્રમાણે મંગળવારે ૫૬૧૨.૮૦ નો હાઈ દર્શાવી ગુરુવારે ૫૭૧૧.૩૦નો દર્શાવેલ. અમોએ દર્શાવેલનિફ્ટી ફ્યુચરના ટાર્ગેટ એચિવ થઈ ગયેલા. તે ફક્ત માહિતી માટે.

### બાજ નજરે



**પારસ ઘેલાણી**
**મો. ૯૦૯૯૦૧૦૮૨૭**
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com

અમારી ગયા સપ્તાહની સ્ટોક ફ્યુચરની ભલામણોમાંથી ટેક મહિન્દ્રા ૭૦૬ વાળો ૭૨૪, રેણુકા ૬૯ વાળો ૭૭, બજાજ હિંદ ૧૧૯ વાળો ૧૨૫, ક્રોમ્પટન ૩૦૬ વાળો ૩૨૧, નાર્જુન ફર્ટી. ૩૧.૯૦ વાળો ૩૨.૭૫, હોટલ લીલા ૫૫ વાળો ૫૮, આદિત્ય બિરલા ૨૮૨ વાળો ૮૮૫, એમ્ફેસીસ ૬૩૧ વાળો ૬૬૩, કેએફએ ૬૪ વાળો ૭૦, ઓએફએસએસ ૨૦૭૧ વાળો ૨૧૫૯, જેવા ભાવો જોવાયેલા.

ગયા સપ્તાહની ડિલેવરીબેઈઝ ભલામણોમાંથી એનટીપીસી ૧૯૬ વાળો ૨૦૩, ફોર્ટીસ ૧૫૯ વાળો ૧૬૭, એસકુમાર ૮૦ વાળો ૮૪, કેઆરબીએલ ૨૫ વાળો ૩૮, રિલાયન્સ ૮૫૪ વાળો ૯૦૫, એસ્સાર શીપીંગ ૧૦૨ વાળો ૧૧૪ જેવા પ્રોફીટેબલ ભાવો સપ્તાહ દરમ્યાન જોવાયેલ. તે ફકત માહિતી માટે.

★ **નિફ્ટી ફ્યુચર (૫૬૩૧.૮૫)** :- ૫૬૫૭ ઉપર ૫૬૮૬, ૫૭૧૫, ૫૭૪૦ જોવા મળે. ૫૫૦૪ નીચે ૫૪૭૦, ૫૪૫૦, ૫૪૨૩ જોવા મળે. બ્રેક આઉટ સાઈડ અંગત કેપિસીટી/જોખમાનુસાર સ્વનિર્ણય લેવો.

★ **હોટ પોઝીશનલ ફ્યુચર્સ સ્ટોક્સ**

**(૧) નાગાર્જુન ફર્ટી. (૩૨.૪૦)** :- રૂા.૩૧ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૫ થી ૩૮...

**(૨) જેપી પાવર (૬૬.૫૦)** :- રૂા. ૬૩ સ્ટોપલોસ... નજીકમાં જ ૭૯ થી ૯૧...

**(૩) એનટીપીસી (૨૦૨.૭૫)** :- રૂા. ૧૯૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૦૮ થી ૨૧૪.

**(૪) નાલ્કો (૪૦૧.૮૫)** :- રૂા. ૩૯૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૪૧૩ થી ૪૨૮

**(૫) કેઈર્ન (૩૨૮)** :- રૂા.૩૨૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૩૮ થી ૩૫૨....

★ **હોટ વીકલી સ્ટોક્સ ફ્યુચર** :-

**(૧) ભેલ (૨૪૬૮.૩૫)** :- રૂા.૨૪૩૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૫૦૦ થી ૨૫૩૦

**(૨) ગ્રેટ ઓફશોર (૪૦૩)** :- રૂા.૩૯૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૪૨૨ થી ૪૩૭..

**(૩) ફોર્ટીસ હેલ્થ(૧૬૪.૯૦)** :- રૂા.૧૬૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૬૯ થી ૧૭૪..

**(૪) બીઈએલ (૧૭૧૦.૯૫)** :- રૂા.૧૬૮૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૭૫૪ થી ૧૭૯૧.

**(૫) ટાઈટન (૨૯૭૩.૧૫)** :- રૂા.૨૯૫૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૦૧૬ થી ૩૦૫૦...

★ **હોટ ડિલેવરીબેઈઝ શોર્ટ ટર્મ રોકાણ** :-

**(૧) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૪૩.૯૫)** : નજીકમાં જ તેજીનું તોફાની દર્શાવી ૫૨ થી ૫૯.

**(૨) એસઈએલ એમસીએલ (૫૩૨૮૮૬) (૪૪.૪૦)** : - નજીકમાં જ તેફાની ઉછાળા દર્શાવી ૫૩ થી ૬૪

**(૩) એનએમડીસી (૫૨૬૩૭૨) (૨૬૦.૧૦)** : - નજીકમાં જ સ્પ્રીંગની જેમ ઉછળીને ૨૮૪ થી ૩૦૭

**(૪) બાજાજ ફિનાર્સવ (૫૩૨૯૭૮) (૫૦૯.૨૫)** : - નજીકમાં જ તેજી દર્શાવી ૫૪૫ થી ૫૬૭.

**(૫) એસકુમાર (૫૧૪૩૦૪) (૮૩.૭૦)** : - નજીકમાં જ સોલિડ ઉછાળો દર્શાવી ૯૫ થી ૧૦૬.

**(૬) હિંદ કોપર (૫૧૩૫૯૯) (૪૫૬.૪૫)** : - નજીકમાં જ તોફાની તેજી દર્શાવે ૫૨૭ થી ૫૯૩.

**(૭) આરઆઈઆઈએલ (૫૨૧૧૮૦) (૮૭૫.૧૫)** : - તોફની તેજી ટૂંક સમયમાં દર્શાવી ૯૪૩ થી ૯૯૯.

**(૮) સુપર સ્પીનીંગ (૫૨૧૧૮૦) (૧૭.૯૦)** : - ખૂબ જ સોલિડ ઉછાળો દર્શાવી ૨૩ થી ૨૮.

**(૯) હોટલ લીલા (૫૦૦૧૯૩) (૫૫.૯૫)** : - નજીકમાં જ તોફાની તેજી દર્શાવી ૫૯ થી ૬૩.

**(૧૦) કેએફએ (૫૩૨૭૪૭) (૬૭.૨૫)** : - નજીકમાં જ તોફાની તેજી દર્શાવી ૭૩ થી ૭૭.

# ૫૬૫૦ ઉપરની ચેનલની પ્રતિકારક સપાટી તરીકે મહત્વની સપાટી

**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૫૬૪૦**
**(ગત સપ્તાહે ૫૪૭૯)**

બજારે યુ. એસ. હોલીડેને કારણે એફ આઈ આઈ ની ગેરહાજરીમાં નવી

### નિફ્ટી સૂત્ર



**દિનેશ એ. ઠાકુર**
**મો. ૯૮૨૨૦૫૦૯૪૯**
dinuthakur@gmail.com
blog site – http://profiles.yahoo.com/dinu_pawar

ઉંચી સપાટી દર્શાવી. મંગળવારે બજાર અપવર્ડ બાયસ સાથે ફ્લેટ રહ્યું. આ પછીના બે દિવસ હકારાત્મક રૂખ સાથે રેન્જ બાઉન્ડ રૂખ જોવા મળી. સપ્તાહ ૧૬૦ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આવ્યું. બજારે રાઈઝીંગ ચેનલની ઉંચી સપાટીએ બંધ આપ્યો તે સાથે, આવનાર સપ્તાહે એ જોવું રસપ્રદ રહેશે કે તે સુધરે છે કે પછી આ બ્રેકઆઉટ છે.

**શાર્ક એટેક ૫૬૦૦ ની સપાટીએ** : શાર્ક લક્ષાંકથી દૂર થવાનો દેખાવ કર્યો અને પછી એકાએક પાછો લક્ષાંકને સાધ્ય કરવા માટે હુમલો કર્યો, બજારે પણ આ જ પ્રમાણે વર્તન દાખવ્યું. એકાએક સ્ટોક અને ઈન્ડેક્ષમાં ૧૨૫ ટકા રિવર્સલ શાર્ક એટેક તરીકે ઓળખવામાં આવે છે. જે ટેકનીકલ એનાલીસીસમાં જવલ્લેજ બનતી પેટર્ન છે. આ પેટર્નમાં લક્ષાંક સાધ્ય થયા પછી ભાવ ઘટે છે અને આ પછી અગાઉની નીચી સપાટી તોડી નાખે છે અને ટ્રેડર્સ અને રોકાણકારોને આશ્ચર્યમુગ્ધ કરી નાખે છે. દા ત. નિફ્ટી ૫૫૫૦ થી ૫૩૫૦ એટલે કે ૨૦૦ પોઈન્ટ ઘટે છે. ૧૨૫ ટકા એટલે ૨૫૦. ૫૩૫૦ + ૨૫૦ = ૫૬૦૦. પરિણામ તિવ્ર ઘટાડો અગાઉની નીચી સપાટી ૫૩૫૦, ૫૨૦૦, ૫૦૦૦, ૪૮૦૦, ૪૭૦૦. આ બાબત નકારાત્મક બનાવવા માટે બજારે આવનાર સપ્તાહે ૫૬૦૦ ઉપર ટકી રહેવું જોઈએ.

**આગામી સપ્તાહ** : આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૫૩૧૦ - ૫૯૧૦ વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૬૧૦ (જેમાં સપ્તાહ દરમ્યાન ટ્રેન્ડ પોઈન્ટને અપડેટ કરવા માટે સાપ્તાહિક આવક / નુકશાનના ૨૫ ટકા વધારો અથવા ઘટાડો ધ્યાનમાં લો.) તેમ જ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટેનો ૨૦, ૫૦, ૧૦૦ દિવસનો ઈ એમ એ સપોર્ટ અનુક્રમે ૫૫૨૦(+૬૦), ૫૪૪૦(+૪૦), ૫૩૪૦(+૩૦), ૫૧૬૦(+૨૦). છે.

ટ્રેડર્સ કે જેઓ અગાઉ ઘટાડા સમયે ટ્રીગર સપાટીએ નિકળી ગયા હતા તેઓ પાછળથી ફરી ટ્રીગર લેવલ અથવા તો નીચેની સપાટીએ દાખલ થઈ શકે ટ્રીગર એ રક્ષણાત્મક છે, વધારેમાં વધારે નફો કરો અને પોઝીશન જાળવી રાખો.

**નિફ્ટી** જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ - ઉપર તરફ, ૫૪૮૦, ૯૦ મીનીટ - ઉપર તરફ, ૫૪૦૦, દૈનિક -ઉપર તરફ ૫૪૫૦, સાપ્તાહિક - ઉપર તરફ ૫૧૦૦,

### દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | UP | 5410 | 5620* | + 230 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | UP | 5440 | 5570* | + 190 |
| Short term | Bi-weekly | 20 (1) | UP | 5420 | 5460* | + 210 |
| Medium term | Monthly | 20 (1-0.8) | UP | 5100 | 5420* | + 530 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | UP | 5000 | 5220/5450** | + 530 |
| Long Term | Yearly | 10 (-0.8) | UP | 3670 | 4660/5290** | +1960 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે. ટ્રેડર્સે ટ્રીગર પોઈન્ટ નીચે વ્યાપારમાંથી બહાર નિકળી જવું અથવા તો નીચેના ટ્રીગર પોઈન્ટે વ્યાપારમાં દાખલ થવું. જો બજાર રોજીંદા સ્ટોપલોસ કરતાં નીચે ૩૦ મીનીટ સુધી ટ્રેડ થાય તો રિવર્સ ટ્રેન્ડ ગણવો.

**ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

ધી
ઈકોનોમિક રેવલ્યૂશન

તંત્રીની કલમે....

# ડીસ્કાઉન્ટના નામે છેતરપીડીં જુની વાત થઈ, મોલ પણ બાકી નથી

**મિત્રો,**

હવે આવશે તહેવારોની મોસમ, જો કે તે કયારનીયે ચાલુ થઈ જ ગઈ છે પરંતુ આસો માસ આવશે એટલે લગભગ અડધો માસ તહેવારોનો માસ ગણી શકાય. અને આ વખતે આ તહેવારોમાં ભારતની ઉત્સવપ્રિય જનતા પાસેથી નાણાંકીય લાભ લેવા માટે શરુ થશે ડીસ્કાઉન્ટની યોજનાઓ, સેલનાં આયોજનો, જો કે હવે આ ધંધાકીય હરિફાઈમાં આ તો બારે માસ ચાલે છે પરંતુ દિવાળી ઉપર ખાસ કંઈ સ્પેશિયલ હોય છે.

અમારે વાત કરવી છે છાશવારે ડીસ્કાઉન્ટની વાતો કરનારા, જેના પર મોટી કંપની કે મોટી દુકાન અથવા તો મોલ માની ભરોસો કરતી જનતા સાથે પણ કરવામાં આવતી બનાવટનો. આજે લોકોમાં સૌથી લોકપ્રિય એવાં બીગ બજાર, કે જે સૌથી સસ્તાની વાતો કરે છે અને સ્ટાર બજાર કે જે પણ આ હરિફાઈમાં આગળ રહેવા પ્રયત્નો કરે છે તેની વાત કરવી છે. હા ભાઈઓ, આ મોલમાં પણ માલના કોઈ મોલ હોતા નથી. તમને એક રકમમાં આપશે ૫ કીલો તેલ, પાંચ કીલો ચોખા અને પાંચ કીલો ખાંડ અથવા લોટ, આવું કોઈ પેકેજ સેલના નામે મૂકવામાં આવે છે પરંતુ સામાન્ય જનતા તો તેમાં છેતરાય જ છે, કારણ કે આ બધાની કિંમતનો હિસાબ લગાવવો તેમના માટે શકય નથી. વળી આ પેકેજ લેવા જતાં આ લોકોને પોતાની પસંદગીનો માલ નહીં, પરંતુ પેકેજમાં જે માલ હોય તે જ લેવાનો હોય છે. અને તેમાં ઘણી વાર તો કરિયાણાના જથ્થબંધ વેપારીઓ કે જે છૂટક ગ્રાહકોને પણ માલ આપતા હોય છે તે કરતાં પણ મોંઘો માલ આ લોકોની મોંઘવારીની ભીડમાં વધુ વધારો કરતો હોય છે.

આમાં પણ કેટલી હદે બનાવટથઈ શકે તેનો તાદ્રશ્ય દાખલો જોઈએ તો, થોડા સમય પહેલાં, કદાચ હાલ પણ આ જ પરિસ્થિતિ હશે, સ્ટાર મોલમાં અમને જોવા મળેલ કે 'પંકજ સીંગ તેલ'ના એક લીટરના પાઉચનો ભાવરૂ. ૧૦૦ લખેલ હતો અનેપછી બોર્ડ હતું, રૂ. ૪૭ ડીસ્કાઉન્ટ, એટલે આ તેલ મળતું હતું રૂ. ૫૩ ના ભાવે એક લીટર. આ ભાવ બજાર ભાવ કરતાં વધુ છે તેમ ન કહી શકાય, પ્રશ્ન છે ૪૭ ટકા ડીસ્કાઉન્ટનો, આ થેલી પર પણ એમ આર પી રૂ. ૧૦૦ છાપેલ હતી, જયારે બીલ બનાવવામાં આવતું ત્યારે લેખિતમાં આ બીલમાં એમ આર પી રૂ. ૫૫ લખી ડીસ્કાઉન્ટ કાપી રૂ.૫૩ વસુલ કરવામાં આવતા હતા. આપછી અમે ૫ લીટરના કેરબાનો ભાવશું છે તેની પણ તપાસ કરી તો ૫ લીટરના કેરબાનો ભાવ હતો રૂ. ૨૯૯ એટલે કે લગભગ રૂ. ૬૦ના ભાવે લીટર, પ્લાસ્ટિક કેરબાના પેકીંગ સાથે. હવે તમે જ વિચાર કરો આમાં તેલમાં શું ડીસ્કાઉન્ટ મળ્યું ? તેમના બીલ મુજબ રૂ. ૨નું ડીસ્કાઉન્ટ, તેમણે જણાવ્યા મુજબ રૂ. ૪૩ નહીં, મૂળ વાત એ છે કે તો પછી રૂ. ૧૦૦ની એમ આર પી લખવાની શું જરૂર ? અને જયારે બીલમાં રૂ. ૫૫ લખવામાં આવ્યા ત્યારે આ લોકોને ખબર ન હતી કે આ એમ આર પી, પેકેટ પર જે એમ આર પી છાપી છે તેથી અલગ લખાઈ છે એટલે કે બીલ અથવા તો પેકેટ, બેમાંથી એક પર ખોટી એમ આર પી લખાઈ છે ? શા માટે રૂ. ૪૭ ડીસ્કાઉન્ટ જણાવવામાં આવ્યું ?ગ્રાહકને શા માટે ગેર માર્ગે દોરવામાં આવ્યો? સ્વાભાવિક છે કે આ પાછળ ગ્રાહકનું ભલુ કરવાની શુધ્ધ બુધ્ધિ તો નહીં જ હોય.

આ રીતે હવે સેલની છેતરપીડીંમાંથી અને એમ આર પી ની રમતમાંથી આ મોલ પણ બાકાત નથી. ગુજરાતની જાગૃત ગણાતી સરકારનું તોલમાપ ખાતુ અને અન્ય કંટ્રોલીંગ ખાતાંનું આ તરફ કેમ ધ્યાન નથી જતું, શું સરકારી અધિકારીઓ આ લોકો સાથે પણ મીલીભગત કરી આંખ આડા કાન કરતા હોય છે ? કાયદાની ઐસીતૈસી કરતા હોય છે?

અમે ઉપર વાત કરી તેમ પેકેજના ભાવમાં પણ આ જ રમત હોય છે. મોટા ડીપાર્ટમેન્ટલ સ્ટોરથી અંજાઈને લોકો અહીં ક્રેડીટ કાર્ડ વટાવીને સ્ટેટસ ગણીને ખરીદી કરતા હોય છે અને આટલા મોટા મોલ બનાવટ ન કરે તેમ માનતા હોય છે અને એમ આર પી, વજન કે કિંમત છાપવાના કાયદાની અને સાથે સાથે આ કાયદાનો અમલ કરાવનાર તંત્રની આવા મોલ ઉઘાડે છોગ ધજ્જીઓ ઉડાડતા હોય છે, જયારે કોઈ આ બાબત તરફ મોલના અધિકારીનું ધ્યાન દોરેતો 'ભૂલ થઈ છે' 'સોરી' કહી આ જ કારોબાર ચાલુ રાખવામાં આવે છે. વધારે કચકચ કરનારને ઓફીસમાં બેસો, ત્યાં વાત કરીએ, કહી ઘણા લોકોથી ઘેરી અનેક પ્રશ્નો અને બોલચાલથી ઘેરી લેવામાં આવે છે અને સોરી કહી આ વાત પુરી થાય છે. અને પાછી આ પ્રેક્ટીસ તો, વધારે ભાવ અનેડીસ્કાઉન્ટની ચાલુ જ રહે છે. આમ ભોળી જનતા લૂંટાતી રહે છે અને પોતાનું આ સ્ટેટસ સિમ્બોલ છે તેમ માની ખૂશ થાય છે. વટથી ક્રેડીટ કાર્ડ ઘસાવી ઉપરથી ૩ ટકાથી વધારે વ્યાજ પણ ભરે છે.

ભાઈઓ, તમારા પરસેવાની કમાણી આ રીતે ટીંપે ટીંપે વહી જાય છે, જરૂર છે જાગૃહ થવાની, બાહોશ ગ્રાહક થવાની, અને જયાં છેતરપીંડી જણાય ત્યાં પડકારવાની હિંમત કેળવવાની, જાગો ગ્રાહક જાગો, હે નાગરિક હવે તો તમે તમારા હક્ક અને ફરજ માટે જાગો.

**જય હો,**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

## ચોક્કસથી અરજી કરો

# ઈરોઝ ઈન્ટરનેશનલ મિડિયાનો આઈપીઓ તા. ૧૭ ના રોજ ખુલશે

ઈરોઝ ઈન્ટરનેશનલ મિડિયા, ફીલ્મ ઉદ્યોગમાં એક ખૂબ જ જાણીતું નામ છે અને ઈરોઝ ગ્રુપનો એક હિસ્સો છે જે તા. ૧૭ રોજ રૂ. ૩૫૦ કરોડ એકત્રિત કરવા માટે મુડી બજારમાં પ્રવેશી રહેલ છે. હજુ, આ લખાય છે ત્યાં સુધી આ કંપનીએ પ્રાઈઝબેન્ડ જાહેર કરેલ ન હોઈ, આ ઈસ્યુમાં અરજી કરી શકાય કે નહીં તે કહેવું હાલમાં વહેલું ગણાશે.

આમ છતાં આપણે આ કંપની ઉપર અને તેની કાર્યશૈલી અને બીજી બાબતો ઉપર એક નજર નાખી લઈએ.

ઈરોજ ગ્રુપ ભારતીય મિડિયા અને મનોરંજન સેકટ સાથે સંકળાયેલ છે અને

**આ કંપનીએ ડીસેમ્બર ૨૯ માં ૧૩:૧ના રેશીયોમાં બોનસ શેર ઈસ્યુ કરેલ હતા. આ બોનસ શેર પહેલાં આ કંપનીની મૂડી ૫.૧૦ કરોડ જેટલી હતી.**

વૈશ્વિક સ્તરે વ્યાપ ધરાવે છે અને આ ક્ષેત્રમાં ત્રણ દાયકાથી કાર્ય રત છે. તેઓ પાસે એક ખાસ ફીલ્મ લાયબ્રેરી છે તેઓ ભારત, યુકે, યુએસએ, યુએઈ, સીંગાપુર, ઓસ્ટ્રેલીયા, તેમ જ અન્ય સ્થળે ઓફીસો ધરાવે છે અને તે દ્વારા વિદેશમાં પણ પોતાના ધંધાનો વિકાસ કરી રહેલ છે. જેમાં થિએટર, હોમ એન્ટરટેઈનમેન્ટ, ટેલીવિઝન અને ડીઝીટલ મિડિયા વગેરે ક્ષેત્રને પોતાનાં ઉત્પાદનો અને સેવાઓ પુરી પાડે છે. ઈરોઝ પીએલસી એ ઈરોઝ સીગ્રુપની હોલ્ડીંગ કંપની છે અને તે લંડન સ્ટોક એક્ષચેંજ સાથે પણ નોંધાયેલ છે.

ઈ આઈ એમ એલ યુરોજ ગ્રુપ માટે ભારતીય ફીલ્મ કોન્ટેન્ટસ પુરા પાડે છે

આ કંપની હિન્દી, તામીલ અને બીજા ભાષાઓની ફીલ્મો જેમાં મુગલે આઝમ, ઓમ શાન્તી ઓમ, લગે રહો મુન્નાભાઈ અને લવ આજ કલ જેવી ૧૦૦૦ થી વધારે ફીલ્મોના હક્ક પણ ધરાવે છે. આ ઉપરાંત ભારત ખાતે હોમ એન્ટરટેઈનમેન્ટ ડીસ્ટ્રીબ્યુશન ભાગે અંગ્રેજી અને બીજી ભાષાઓની ફીલ્મોના હક્ક પણ ધરાવે છે. તેમની લાયબ્રેરીમાં અનેક ભાષાઓની ફીલ્મો છે.

આ કંપનીમાં ઈરોજ ડીજીટલ પ્રા. લી. ૩૦.૩૯ ટકા હિસ્સો ધરાવે છે જે વિદેશી કંપની છે અને લંડનમાં લીસ્ટ થયેલ છે. જયારે ઈરોજ વર્લ્ડવાઈડ ૬૯.૬૦ ટકા હિસ્સો ધરાવે છે.

આ કંપનીના બુક રનીંગ મેનેજર તરીકે એનમ સિકયુરીટીઝ પ્રા. લી. કોટક મહિન્દ્ર કેપિટલ કું.લી. મોર્ગન સ્ટેનલી ઈન્ડિયા કું લી, અને આર બી એસ ઈકવીટીસ (ઈન્ડિયા) લી. ફરજો બજાવશે જયારે લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી. રજીસ્ટ્રાર તરીકે ફરજો

**આ કંપનીના પ્રમોટરોને સરેરાશ રૂ. ૦.૦૭ના ભાવે શેર ફાળવવામાં આવેલ છે.**

બજાવશે.

### આ ઈસ્યુનો હેતુ

ભારતીય ફીલ્મો હસ્તગત કરવી અને સહયોગથી નિર્માણ કરવી જેમાં ખાસ કરીને હિન્દી ભાષાની ફીલ્મો તેમ જ કેટલીક તામીલ અને બીજી ભાષાની ફીલ્મોનો સમાવેશ થાય છે. તેમ જ આ ઉપરાંત કોર્પોરેિજ જરુરિયાત માટે પણ આ ફંડનો ઉપયોગ કરવો.

### હકારાત્મક બાબતો

ખૂબ સારું અને વિકસિત ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ધરાવે છે. તેમના પોર્ટફોલિયોમાં સારી ફીલ્મો તો છે જ તેમ જ સારા એવા ક્ષેત્રમાં તેમ જ વૈશ્વિક સ્તરે હાજરી પુરાવે છે. આ ઉદ્યોગ સાથે કૂનેહ પૂર્વક ઘણા લાંબા સમથી સંકળાયેલા છે. તેમના નામની એક બ્રાન્ડ વેલ્યુ છે અને અનુભવી સંચાલક ગણ છે.

### નકારાત્મક બાબતો

જો કે આ સાથે કેટલિક નકારાત્મક બાબતો પણ છે. જેમ કે હાલમાં યુવા પેઢી અને બીજા લોકોનો ટેસ્ટ બદલાતો રહેતો હોય છે અને તેથી કેવી ફીલ્મ ચાલશે તે આગાહી કરવી અઘરી છે.

આ કંપનીની સફળતા બોક્ષ ઓફીસની સફળતા ઉપર જ આધારિત હોય છે. આ કંપનીના પ્રમોટરોને સરેરાશ રૂ. ૦.૦૭ના ભાવે શેર ફાળવવામાં આવેલ છે.

### ભલામણ

હાલમાં પ્રાઈઝબેન્ડ વગેરે વિગતો આ લખાય છે ત્યારે ઉપલબ્ધ નથી, આમ છતાં એક વાત જોઈએ તો કેર એજન્સી દ્વારા આ કંપનીને પાંચમાંથી ૪ ગ્રેડ ફાળવવામાં આવેલ છે એટલે કે સારા ફંડામેન્ટલ વાળી કંપની ઠરાવવામાં આવેલ છે જ. આ બ્રાન્ડ એટલે કે કંપનીનું નામ તેમના ક્ષેત્રમાં સારો વ્યાપ ધરાવે છે અને જાણીતું પણ છે. કંપની ૨૦૦૮ થી સતત નફો કરતી આવી છે તેનો ૨૦૦૮ના વર્ષના નફા (૪૧.૧૨) કરતાં ૨૦૧૦ નો નફો (૮૩.૧૮) લગભગ બે ગણો થયેલ છે. શેરદીઠ આવકમાં પણ વધારો થયેલ છે જો કે ૨૦૧૦ માં બોનસ શેર આવ્યા પછી શેર દીઠ આવક ઘટીને ૧૨.૫૪ થયેલ છે જે ૨૦૦૯ માં ૧૪૩.૭૩ હતી.

આમ આ કંપનીમાં અરજી કરી શકાય તેવું અમારં મંતવ્ય છે. જો કે મિડિયાના શેર લીસ્ટીંગ વખતે ઉછળે છે અને પછી નીચી સપાટીઓ દર્શાવે છે તે જોતાં લીસ્ટીંગ વખતે આ શેરમાં લાભ થાય તો નિકળી જવાનું અમે તો પસંદ કરીએ છીએ.

# ટૂંકા અથવા તો મધ્યમ ગાળાના વ્યૂહથી આ કંપનીમાં ચોક્કસ રોકાણ કરી શકાય

**ઈન્ડો સોલાર લી.**

**પ્રસ્તાવના**

૨૦૦૫ મા સ્થપાયેલ ફોવોલ્ટાઈક સેલના ઉત્પાદન સાથે સંકળાયેલી ઈન્ડો સોલાર લી. તા. ૧૩મી સપ્ટેમ્બર,

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

૨૦૧૦ના રોજ તેનો મૂળ રૂ. ૧૦ ની કિંમતનો શેર રૂ. રૂ. ૨૮ થી રૂ. ૩૨ ના ભાવે પ્રસ્તુત કરીને, ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ પ્રોસેસ દ્વારા મૂડી

### આઈપીઓનો હેતુ

- ૧૦૦ મેઘાગોટની ત્રીજી લાઈન ઉમેરીને એસ પી વી સેલની વાર્ષિક ઉત્પાદન ક્ષમતામાં વૃધ્ધિ કરવા માટે
- અન્ય કોર્પોરેટ કારણોસર

બજારમાંપ્રવેશી રહેલ છે તેની સઘળી વિગતો અત્રે આપેલ છે.

## ઈન્ડોસોલાર લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૦ થી ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૦**

| | | |
|---|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | : | ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | : | ૧૧૧,૫૬૨,૫૦૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | : | ૩૫૭ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | : | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | : | રૂ. ૨૯ થી રૂ. ૩૨ |
| **ઓછામાં ઓછી અરજી** | : | ૨૦૦ શેર (રૂ. ૬૪૦૦) |
| **વધારેમાં વધારે અરજી** | : | ૩૦૦૦ શેર (રૂ. ૯૬,૦૦૦) |
| **પ્રમોટર્સ** | : | **ભૂષણ કુમાર ગુપ્તા**<br>હુલસ રાહુલ ગુપ્તા |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | : | સી-૧૨, ફ્રેન્ડસ કોલોની (ઈસ્ટ)<br>નવી દિલ્હી, ૧૧૦૦૬૫<br>ફોન નં. +૯૧ ૧૧ ૨૬૮૪૧૩૭૫<br>ફેક્સ નં. +૯૧ ૧૧ ૨૬૮૪૩૯૪૯ |

**Email: Website: http://www.indosolar.co.in**

| | | |
|---|---|---|
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | : | લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી.<br>સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ,<br>એલબીએસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ<br>મુંબઈ : ૪૦૦૦૭૮<br>ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |

**Email: gppl_ipo@karvy.com**
**Website: http://www.intimespectrum.com**

**ચેક લખવાની વિગત :**
"Escrow Account - Indosolar Limited Public Issue - R" For Retail Bidders"

| | | |
|---|---|---|
| **બુકરનીંગ લીડ મેનેજર** | : | **એનમ સિક્યુરીટીઝ પ્રા.લી.** |
| **લીસ્ટીંગ** | : | બીએસઈ, એન એસ ઈ |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઈન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૫૫,૭૮૧,૨૫૦ | ૧૬,૭૩૪,૩૭૫ | ૩૯,૦૪૬,૮૭૫ | |

### કંપનીનો પરિચય

૨૦૦૫ માં સ્થપાયેલ ઈન્ડોસોલાર લી. એક ભારતીય ફોટોવોલ્ટાઈક સેલ ઉત્પન્ન કરનાર કંપની છે. આ કંપની સીલીકોન વેફરમાંથી સોલાર ફોટો વોલ્ટાઈક (એસ પી વી) સેલ બનાવે છે જે સૂર્ય ઉર્જાને વિદ્યુત પ્રવાહમાં તબદીલ કરવા માટે ક્રીસ્ટલલાઈન સીલીકોન એસપીવી સેલ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે જે પ્રોસેસને ફોટો વોલ્ટાઈક ઈફેકટ કહેવામાં આવે છે. ઈન્ડોસોલાર લી. તેમનાં ઉત્પાદનો બીઝનેસ યુ બીઝનેસ પ્લેટફોર્મ દ્વારા પ્રારંભિક મોડલ બનાવનારાઓને વેચે છે કે જેઓ સિસ્ટમ નિર્માતાઓને વેચે છે અને તે દ્વારા સીગ્રીડ અથવા તો ઓફ ગ્રીડ સિસ્ટમ સ્થાપવામાં આવે છે. આ ઉત્પાદનોનો ઉપયોગ સ્વદેશી બજાર ઉપરાંત યુરોપ, સ્પેઈન, જાપાન, એશિયા, કેનેડા અને યુએસએ ખાતે પણ થાય છે.

### ક્રીસીલ દ્વારા રેટીંગ

ક્રેડીટ રેટીંગ કંપની ક્રીસીલ દ્વારા આ આઈપીઓને ગ્રેડ-૩ ફાળવવામાં આવેલ છે. એટલે કે ક્રીસીલ રેટીંગ કંપનીના મંતવ્ય મુજબ આ આઈપીઓ સરેરાશ ફન્ડામેન્ટલ ધરાવે છે. ક્રીસીલ કંપની ૧ થી ૫ નંબરના ગ્રેડ આપે છે જેમાં નં. ૧ ખૂબ નબળા ફંડામેન્ટલ અને નં. ૫ ખૂબ સારા ફંડામેન્ટલ દર્શાવે છે.

હાલમાં આ કંપનીની એસ પી વી સેલ ઉત્પાદનની સુવિધા ગ્રેટર નોઈડા ખાતે આવેલ છે જે હાલમાં વાર્ષિક ૮૦ મેઘા વોટની ક્ષમતાથી એસ પી વી સેલ ઉત્પાદિત કરે છે. આ સ્થળે વાણિજ્યિક ઉત્પાદન જુલાઈ, ૨૦૦૯ માં કરવામાં આવેલ છે. બીજું આટલી જ ઉત્પાદન ક્ષમતા ધરાવતું એકમ માર્ચ ૨૦૧૦માં કાર્યરત થયેલ છે. આ કંપની ૨૦૧૧ એપ્રિલ સુધીમાં તેની ઉત્પાદન ક્ષમતા ૨૬૦ મેઘા વોટ કરવા માટે છે અને આ ત્રણ લાઈન દ્વારા વાણિજયિક ઉત્પદાન થશે. અપેક્ષા છે કે લાઈન-૩ ૨૦૧૧ ના ફેબ્રુઆરી માસ સુધીમાં તૈયાર થઈ જશે અને એપ્રિલમાં વાણિજ્યિક રીતે કાર્યરત પણ થઈ જશે.

### જોખમી બાબતો

- આ કંપનીના પ્રમોટર્સને કોઈ અનુભવ નથી અને કાર્યકાલ ઈતિહાસ પણ ખૂબ જ ટૂંકો છે.
- આ કંપનીએ તેના બેલેન્સશીટમાં નુકશાન દર્શાવેલ છે.
- આ કંપનીના ઓડીટરોએ આ કંપનીના હિસાબોને નોન રેમિટન્સ ઓફ સ્ટેસ્યુટરી ડયુઝ તરીકે કવોલીફાઈડ કરેલ છે. કંપનીના સંલાકોએ આ માટે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.
- ભૂતકાળમાં આ કંપનીએ સમય અને ખર્ચ વધારે પડતો કરેલ દર્શાવેલ છે.
- જો સરકારી સબસીડીઓમાં ઘટાડો થાય તો આ આર્થિક રાહતો ઉત્પાદન ઘટાડા માટે અસરકૃત થઈ શકે.
- આ ક્ષેત્રનું બજાર ખૂબ જ હરિફાઈયુક્ત છે.
- કંપનીના શેરનું એન એ વી ફેસ વેલ્યુ કરતાં નીચું છે.

### નાણાંકીય બાબતો અને અન્ય હકારાત્મક વિગતો

આ કંપનીએ ૧૦૯૨માં કાર્ય શરૂ કર્યું ત્યારથી કોઈ નફો કરેલ નથી. ડીસેમ્બર ૦૯ અંતિત વર્ષમાં આ કંપનીની કુલ આવકો રૂ. ૨૨૪.૪૯ આ આ કંપનીને ફાયદો કરાવશે.

### ભલામણ

ક્રીસીલ દ્વારા આ કંપનીને ગ્રેડ-૩ આપવામાં આવેલ છે એટલે કે સરેરાશ ફંડામેન્ટલ વાળી ઠરાવવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે સોલાર ઉદ્યોગ સરકારશ્રીની મદદ ઉપર સંપૂર્ણ રીતે આધારિત છે, હાલમાં તેમાં વિજ ઉત્પાદનનો ખર્ચ ખૂબ વધારે છે અને આ વધારે ખર્ચ નો પ્રશ્ન ઉકેલવા આ ઉદ્યોગને હજુ વર્ષો લાગશે.

આ ક્ષેત્ર આમ પણ હરિફાઈ યુક્ત છે અને આ વિજળી ઉત્પાદન કરવા માટે સીકીલોન વપરાય છે જે સૂર્યપ્રકાશને વિદ્યુતમાં રૂપાંતરિત કરે છે તેની ક્ષમતા માત્ર ૧૦ કે ૨૦ ટકા જ છે, જેથી પરંપરાગત વિદ્યુત કરતાં આ વિજળી હાલ તો મોંઘી પડે છે તેથી તે માટે નવી ટેકનોલોજીની જરુર છે કે જેથી આ વિદ્યુત ઉત્પાદન ભાવની દ્રષ્ટિએ હરિફાઈમાં ઉભું રહી શકે.

હાલમાં આ કંપની પાસે ૧૬૦ મેઘાવોટ ક્ષમતા છે જે ૧૬+-ટકા થી ૧૭+- ટકા સુધી બદલાતી હોય છે. આ ઉત્પાદન ક્ષમતા ૨૦૧૧ના નાણાકીય વર્ષ સુધી ૨૬૦ મેઘા વોટ થશે. ના. વ. ૨૦૧૦માં આ કંપનીની કુલ આવકો રૂ. ૧૩૧.૪૮ કરોડ અને ચોખ્ખો નફો રૂ. ૬૬.૨૧ કરોડ નોંધાયેલ છે.

આ કંપની તેનું વિસ્તૃતિકરણ કરે તે પહેલાં મજબૂતાઈ કેળવવાની જરૂર છે. આ કંપનીનો ભૂતકાળ કોઈ ભવ્યતા દર્શાવતો નથી. ગત વર્ષે યુરો મલ્ટીવિઝન, કે જે કંપનીએ ફોટોવોલ્ટીક સોલાર સેલ બનાવે છે તેણે રૂ. ૭૦ થી ૭૫ ના ભાવે શેર ઈસ્યુ કરેલ હતા, આ શેર હાલ રૂ. ૩૨-૩૩ ની આસપાસ મળે છે.

હાલમાં આ વિદ્યુત ઉત્પાદન પધ્ધતિનો એટલો બધો વ્યાપ પણ જણાતો ન હોઈ, આ શેરમાં અરજી ન કરવા અમારી ભલામણ છે.

# પ્રાઈમરી માર્કેટની ખાટી મીઠી

## વી. એ. ટેક વેબેગ લી. આઈપીઓ સાથે મૂડીબજારમાં અરજી કરી શકાય.

૧૯૯૬માં સ્થપાયેલી વી એ ટેક વેબેગ વિશ્વની વોટર ટ્રીટમેન્ટમાં અગ્રણી કંપનીઓ પૈકીની એક કંપની છે તેમ જ આ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય ખેલાડી છે. આ કંપની વોટર અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ માટે મ્યુનિસિપલ અને ઔદ્યોગિક ઉપયોગકર્તાઓને સોલ્યુશન પુરું પાડે છે. આ કંપની ભારત, મીડલ ઈસ્ટ, નોર્થ આફ્રીકા, સેન્ટ્રલ અને ઈસ્ટર્ન યુરોપ, ચાઈના અને સાઉથ ઈસ્ટ એશિયા ખાતે હાજરી પુરાવે છે એટલે કે કાર્યરત છે. આ કંપનીએ તેના ઈસ્યુ માટે જાહેરાત કરી દીધેલ છે પરંતુ તે માટે નિશ્ચિત તારીખ અને પ્રાઈઝબેન્ડ આ લખાય છે ત્યાં સુધી જાહેર કરેલ ન હોઈ આ અંગે અમે વિગતવાર ભલામણ આપીશકતા નથી. જો કે ચાલુ માસમાં અને કદાચ આવતા સપ્તાહમાં જ આ ઈસ્યુ આવી શકે પ્રાઈઝબેન્ડ રૂ. ૧૧૦૦ થી વધુ હોવાની શકયતા છે માર્ચ ૨૦૧૦માં આ કંપનીની શેર દીઠ આવક રુ. ૫૬ હતી. આ કંપનીના હાથ પર ઓર્ડર રૂ. ૩૧૦૦ કરોડના હતા અને આ ઈસ્યુ દ્વારા ૫૦૦ કરોડનું ફંડ એકત્રીત થનાર છે. ૨૦૧૧માં આ કંપનીની શેર દીઠ આવક રૂ. ૭૫ થાયતેવી શકયતા છે , હાલની પરિસ્થિતિનો અભ્યાસ કરતાં જણાય છે કે આ શેરમાં ચોક્કસ પણે અરજી કરી શકાય. શકય છે રે ૨૦૧૧ ની સાલ સુધીમાં આ શેરમાં ૫ થી ૬૦ ટકા વધારો ઓછામાં ઓછો નોંધાઈ શકે.

